ાર્યશ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાળા (૪-૫)

શ્રી મુનિમહારાજ શ્રી
સાગરચંદ્રજીના સદુપદેશ
શ્રી શ્રાવક શ્રાવિકાદિ સમુહના
માંગલિક અર્થે નિત્ય પાઠ
કરવા યોગ્ય.

શ્રી સામાયિક ચૈત્યવંદનાદિ ગુજરાતી.

તથા શ્રી દેવસીરાઈ પ્રતિક્રમણ સૂત્ર વિધિ સહિત.

પ્રકાશક,-
શ્રી જૈન યુવક મંડલ
(કાર્યાલય અને લાયબ્રેરી)
સામળાની પોળ,
૨૦૦૨- અમદાવાદ

બે બોલ.

"શ્રી સામાયિક ચૈત્યવંદનાદિ ગુજરાતી" ગ્રંથમાલા અંક (૪) આ પુસ્તકની અછતને લઇને ઘણા ભાઇઓની માગણીના લીધે કેવળ તેજ પુસ્તક છપાવવાના નિશ્ચયથી ઉપરોક્ત શરૂ કરેલ કાર્ય પૂર્ણ થવા આવેલ, તેવામાં બે ત્રણ ભાઇઓનું એમ કહેવું થયું કે—"જો અલ્પ દ્રવ્યના વ્યયથી અવશે બે પ્રતિક્રમણના સૂત્રોજ માત્ર પુસ્તકની સાથે આવે તો ન્હાની ઉમરના ભાઇઓ તેમજ બ્હેનોને કંઠસ્થ કરવામાં વધારે અનુકૂલ થઇ પડશે" તેમના આવા અભિપ્રાયથી લાભ જાણી મુદ્રિત સામાયિક ચૈત્યવંદનાદિ પુસ્તકના પાછવાડે અવશેષ બે પ્રતિક્રમણના સૂત્ર માત્ર અલગ વિધિ સાથે ગ્રંથમાલા અંક (૫) તરીકે પ્રગટ કરવામાં આવેલ છે.

જો સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્ર કંઠસ્થ કર્યાબાદ પ્રતિક્રમણના સૂત્રોનો અભ્યાસ કરવામાં આવશે તો આ પુસ્તક અવશ્ય ઉપયોગી થઇ પડશે એમાં જરા પણ શક નથી આ પુસ્તક પ્રગટ કરવામાં આ ગૃહસ્થોએ નીચે મુજબ સહાય કરેલ છેઃ—

રૂ. ૧૫] શા. કચરાભાઇ નથુભાઈ.
રૂ. ૧૫] શા. લાલભાઇ જેઠાતારામ.
રૂ. ૧૫] શા. પ્રેમચંદ લલુભાઇના સ્મરણાર્થે.
રૂ. ૧૫] શા. ડાહ્યાભાઈ હીરાચંદ.
રૂ. ૧૦] શા. નાગજીભાઈ કુંવરજી.
રૂ. ૧૦] એક ગૃહસ્થ તરફથી ભેટ.
રૂ. ૫] શા. હઠીસીંગ શોભાગ્યચંદના સ્મરણાર્થે.

ઉપર્યુક્ત ગૃહસ્થો જેમ જ્ઞાનવૃદ્ધિને માટે ઉત્સાહિત થયેલા છે તેમ અન્ય બંધુઓ પણ તેમનું અનુકરણ કરશે કે જેથી ઘણા મનુષ્યો તે જ્ઞાનનો લાભ મેળવે એવી વિજ્ઞપ્તિ છે.

લી. પ્રકાશક.

આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા. (૪)

મુનિમહારાજ
શ્રી સાગરચંદ્રજીના
સદુપદેશથી શ્રાવક શ્રાવિકાદિ
સમૂહના માંગલિક અર્થે નિત્ય
પાઠ કરવા યોગ્ય.

શ્રી સામાયિક ચૈત્યવંદનાદિ ગુજરાતી.

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

વીર સં. ૨૪૪૪ સં. ૧૯૭૪ સન ૧૯૧૮

તૈયાર કરી
છપાવી પ્રસિદ્ધ કર્તા,—
શ્રી જૈન યુવક મંડળ
તરફથી
શા લાલભાઈ નાથાલાલ.
ઠે. સામળાની પોળ.
અમદાવાદ.

—સૂચના—

આ ચોપડી રખડતી મૂકી જ્ઞાનની આશાતના કરશો નહિ.

અમૂલ્ય (ફ્રી).

શ્રી સ્રગ્ધરાવૃત્તમ ॥

શ્રી મદ્વિદ્યાવતંસાઃ શમદમસહિતા બાલભાવાદ્વિરક્તા,
જ્ઞાનાભ્યાસે પ્રવૃત્તાનિખિલજનમનોહર્ષદાઃ સ્વૈર્ગુણૌઘૈઃ ।
મધ્યસ્થા માન્યવાક્યા દલિતમદબલા ભ્રાતૃચંદ્રાભિધાના,
સ્તારણ્યે તીર્ણમોહા નિરૂપમચરિતાઃ સૂરિરાજા જયન્તુ ॥



॥ શ્લોક ॥

શ્વેતપદ્માસના દેવી, શ્વેતપદ્મોપશોભીતા,
શ્વેતામ્બરધરા દેવી, શ્વેતગન્ધાનુલેપના;
અર્ચિતા મુનિભિઃ સર્વૈ–ૠષિભિસ્તૂયતે સદા,
એવં ધ્યાત્વા સદા દેવીં, વાંછિતં લભતે નરઃ

ઉદયશિખરિ ચંદ્રાઃ સદયોંભોધિ ચંદ્રાઃ
સુકૃતકુમુદચંદ્રાઃ ધ્વાંતવિધ્વંસ ચંદ્રાઃ
કુમતનલિન ચંદ્રાઃ કીર્તિ વિખ્યાત ચંદ્રાઃ
પ્રમદ જનન ચંદ્રા શ્રેયસે પાર્શ્વચંદ્રાઃ
શ્રેયસે ભ્રાતૃચંદ્રાઃ ॥ ૧ ॥

શ્રી સૂરીશ્વર સ્તવન

શ્રી પાર્શ્વચંદ્રસૂરિંદ નાગપુરીંદ તપગણ નભમણી,
તસ પટપરંપર ગણધુરંધર હેમચંદ્રસૂરિ ગુણી;
નિગ્રંથ ગુરૂતસ પાટરાજે આજ ગાજે મુનિવરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૧
છે શાંત દાંત મહંત કિરિયાપાત્ર સમતા સાગરૂ,
પંડિત પ્રવર વિદ્વાન્ બુદ્ધિનિધાન વિદ્યા આગરૂ;
અઘ ઓઘવારક મહાપ્રભાવક ધર્મધોરી ધુરંધરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૨
છે ભવ્ય આકૃતિ ધર્મમૂર્તિ પ્રભુ તુલ્ય મનોવૃત્તિ,
તપ તેજ દીપે કદિ ન છીપે ભાગ્યની ચઢતી રતી;
વળિ શરદ્ શશિસમ સૌમ્યકાંતિ શાંતિવાન શુભંકરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૩
ગુરૂ ગચ્છનાયક જ્ઞાનદાયક સંઘમાં લાયક મુદા,
ગત રાગરોષ ન દોષ જરિએ તોષ સુખ દુખમાં સદા;
છત્રીસ ગુણગણ યુક્ત સૂરીશ ચરણ ગુણથી અલંકર્યા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૪
જિણ ભાણ અસ્ત થતાં સૂરીશ્વર જ્ઞાનદીપ પ્રકાશતા,
મિથ્યાંધકાર વિકાર ટાળી ભવિકજન પ્રતિબોધતા;
શુભ છંદ સાંકળચંદ કહે પાવન કરો ભારતધરા,
ભવિ ભક્તિભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૫

ચોવિશ તીર્થંકરોનાં લાંછન.

૧ ઋષભદેવનું વૃષભ (બળદ).
૨ અજિતનાથનું હસ્તી (હાથી).
૩ સંભવનાથનું અશ્વ (ઘોડો).
૪ અભિનંદનસ્વામીનું કપી (વાંદરો).
૫ સુમતિનાથનું ક્રૌંચપક્ષી.
૬ પદ્મપ્રભનું પદ્મ (કમળ).
૭ સુપાર્શ્વનાથનું સ્વસ્તિક (સાથીયો).
૮ ચંદ્રપ્રભનું ચંદ્ર.
૯ સુવિધિનાથનું મગરમચ્છ.
૧૦ શીતલનાથનું શ્રીવચ્છ.
૧૧ શ્રેયાંસનાથનું ખડ્ગી (ગેંડો).
૧૨ વાસુપૂજ્યસ્વામીનું મહિષ (પાડો)
૧૩ વિમલનાથનું વરાહ (ભૂંડ).
૧૪ અનંતનાથનું સીંચાણો પક્ષી.
૧૫ ધર્મનાથનું વજ્ર.
૧૬ શાન્તિનાથનું મૃગ (હરણ).
૧૭ કુંથુનાથનું છાગ (બકરો).
૧૮ અરનાથનું નંદાવર્ત સ્વસ્તિક.
૧૯ મલ્લિનાથનું કુંભ (કળશ).
૨૦ મુનિસુવ્રતસ્વામીનું કચ્છપ (કાચબો).
૨૧ નમિનાથનું નીલોત્પલ (લીલું કમળ).
૨૨ નેમિનાથનું શંખ.
૨૩ પાર્શ્વનાથનું સર્પ.
૨૪ મહાવીરસ્વામીનું સિંહ.

॥ અથ શ્રી ॥

સામાયિક ચૈત્યવંદનાદિ ગુજરાતી.

૧ ॥ અથ નમસ્કાર મંત્ર ॥

નમો અરિહંતાણં ॥ ૧ ॥ નમો સિદ્ધાણં ॥ ૨ ॥ નમો આયરિયાણં ॥ ૩ ॥ નમો ઉવજ્ઝાયાણં ॥ ૪ ॥ નમો લોએ સવ્વ સાહૂણં ॥૫॥ એસોપંચ નમુક્કારો ॥૬॥ સવ્વ પાવપ્પણાસણો ॥ ૭ ॥ મંગલાણં ચ સવ્વેસિં ॥ ૮ ॥ પઢમં હવઇ મંગલં ॥ ૯ ॥

૨ ॥ અથ પંચિંદિય ॥

પંચિંદિઅ સંવરણો, તહ નવ વિહ બંભચેર ગુત્તિધરો ॥ ચઉવિહ કસાય મુક્કો, ઇય અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો, ॥ ૧ ॥ પંચ મહવ્વય જુત્તો પંચ વિહાયાર પાલણ સમથ્થો ॥ પંચ સમિઓ તિ ગુત્તો, છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ ॥૨॥

૩ ॥ ઇચ્છામિ ખમાસમણો ॥

॥ ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિ જ્જાએ નિસીહિઆએ મથ્થએણ વંદામિ ॥૧॥

૪ ॥ ગુરૂને સુખ શાતા પૃચ્છા ॥

ઇચ્છકાર ભગવન્ સુહરાઇ સુહદેવસિ સુખતપ શરીર નિરાબાધ સુખ સંજમ જાત્રા નિર્વહોછોજી સ્વામી શાતા છેજી. (ભાતપાણીના લાભ દેજો જી.) ॥૧॥

૫ ॥ અથ ઇરિયાવહિ ॥

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ, ઇચ્છં ॥ ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥ ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥૨॥ ગમણા ગમણે ॥૩॥ પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે ॥ ઓસાઉત્તીંગ પણગ-દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪॥॥ જે મે જીવા વિરાહિયા ॥૫॥ એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇઆ સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૭॥

૬ ॥ અથ તસ્સઉત્તરી ॥

તસ્સઉત્તરી કરણેણં, પાયચ્છિત્ત-કરણેણં, વિસોહીકર-

ણેણં, વિસલ્લી કરણેણં ॥ પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસગ્ગં ॥૫॥

૭ ॥ અથ અન્નત્થ ઉસસિએણં ॥

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસીએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ ॥ ૧ ॥ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥ ૨ ॥ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥ જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥ તાવકાયં, ઠાણેણં, મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

(ચાર નવકાર અથવા એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો.)

૮ ॥ અથ લોગસ્સ* ॥

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મ તિત્થયરેજીણે, અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિકેવલી ॥ ૧ ॥ ઉસભમજિયં ચ વંદે, સંભવમભિનંદણં ચ સુમઈ ચ, પઉમપ્પહં સુપાસં, જીણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ, વિમલ મણંતં ચ જીણં ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥ કુંથુ અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં

* લોગસ્સને ચતુર્વિંશતિ સ્તવ અથવા ચોવીસત્થો પણ કહે છે.

નમિ જીણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥ એવં મયે અભિથ્થુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા, ચઉવિસંપિ જીણવરા, તિત્થયરામે પસીયંતુ ॥ ૫ ॥ કિત્તિય વંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરૂગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયા સયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭॥

૯ ॥ પડિલેહણા ॥

૧ ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ, મથ્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણં સંદિસ્સાએમિ ? ઇચ્છં;

૨ ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ મથ્થએણ વદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, પડિલેહણં કરેમિ ઇચ્છં.

(પછી મુહપત્તિની ૨૫ પડિલેહણા તથા શરીરની ૨૫ પડિલેહણા કરવી. પડિલેહણા કરતાં નીચેના પચાસ બોલ ચિંતવવા.)

૧૦ ॥ પડિલેહણાના ૫૦ બોલ ॥

સમ્યક્ત્વસત્ય નિર્મલદૃષ્ટે, જીવ જોઇ જયણા કરૂં ॥

[એમ કહી દૃષ્ટિપડિલેહણા કરવી.]

સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય

પરિહરૂં. કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં. સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરૂં. કુદેવ, કુગુરૂ, કુધર્મ પરિહરૂં, જ્ઞાન, દર્શન ચારિત્ર આદરૂં. જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરૂં. મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં. મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં.

[એવી રીતે ૨૫ મુહપત્તિની પડિલેહણા.]

[હવે ૨૫ અંગની પડિલેહણા આ પ્રમાણે:—]

હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં. ભય, શોક, દુગંચ્છા પરિહરૂં. કૃષ્ણલેશ્યા , નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં. ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવ પરિહરૂં. માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય, પરિહરૂં. ક્રોધ, માન પરિહરૂં. માયા, લોભ પરિહરૂં. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય વિરાધના પરિહરૂં. (પછી)

૧ ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાઇયં સંદિસ્સાએમિ, ઇચ્છં.

૨ ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણીજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ સામાઇયં ઠાએમિ ઇચ્છં.

[પછી નવકાર ૧ ભણી કહીયે.]

૧૧ ॥ અથ સામાયકનું પચ્ચખ્ખાણ.

કરેમિભંતે સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં મણેણં વાયાએ કાયેણં ન કરેમિ ન કારવેમિ, તસ્સભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ

૧૨ ॥ અથ સામાઇય વયજુત્તો ॥

સામાઇય વયજુત્તો, જાવ મણે હોઇ નિયમ સંજુત્તો; છિન્નઇ અસુહં કમ્મં, સામાઇય જત્તિઆવારા ॥૧॥ સામાઇયંમિઉકએ, સમણોઇવ સાવહો હવઇ જમ્હા, એએણ કારણેણં, બહુસો સામાઇઅં કુજ્જા ॥૨॥

સામાયિકવ્રત વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ આશાતના હુઇ હોય તસ્સ મિચ્છામિ દુક્કડં; દશ મનના, દશ વચનના, બાર કાયાના, એવંકારે બત્રીશ દુષણમાં જે કોઇ દુષણ લાગ્યું હોય તસ્સ મિચ્છામિ દુક્કડં. (પછી ત્રણ નવકાર ગણવા.) ઇતિ સામાયિક ॥

૧૩ ॥ અથ જગચિંતામણી ॥

(ચૈત્યવંદન).

જગચિંતામણિ જગહનાહ, જગગુરૂ જગરખ્ખણ; જગબંધવ જગ સત્થવાહ, જગભાવ વિઅખ્ખણ; અઠ્ઠાવય સંઠ-

વિઅરૂવ, કમ્મટ્ઠવિણાસણ; ચઉવિસંપિ જિણવર જયંતુ અપ્પડિહયસાસણ ॥ ૧ ॥ કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ; ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ; નવકોડી કેવલીણ, કોડીસહસ્સ નવ સાહુ ગમ્મઇ; સંપઇ જિણવર વીસમુણિ, બિહું કોડી વરનાણિ; સમણહકોડી સહસદુઅ, થુણિજિઅ નિચ્ચ વિહાણિ ॥ ૨ ॥ જયઉસામી જયઉસામી, રિસહ સત્તુંજિ, ઉજ્જિંતે પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ; ભરૂઅચ્છે મુણિસુવ્વય, મુહરિ પાસ દુહ દુરિઅખંડણ; અવર વિદેહે તીત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કેવિ; તીઅ અણાગય સંપઇઅ, વંદુ જિણ સવ્વે વિ ॥ ૩ ॥ સત્તાણવઇ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ બત્તીસ બાસિઆઈં, તિઅલોએ ચેઇએ વંદે ॥ ૪ ॥ પન્નરસ કોડિસયાઈં, કોડી બાયાલ લક્ખ અડવન્ના; છત્તીસ સહસ અસિઆ, સાસયબિંબાઈં પણમામિ. ॥૫॥

૧૪ ॥ અથ જંકિંચિ ॥

જંકિંચિ નામ તિત્થં, સગ્ગેપયાલિ તિરિય લોયમ્મિ, જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ૧

૧૫ ॥ અથ નમુત્થુણં વા શક્રસ્તવ ॥

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥ ૧ ॥ આઇગરાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં ॥ ૨ ॥ પુરિસુત્તમાણં, પુરિસ-

સીહાણ, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં ॥૩॥ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥ ૪ ॥ અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, જીવદયાણં, બોહિદયાણં ॥ ૫ ॥ ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં ॥ ૬ ॥ દીવોતાણં, સરણગઈ પઈટ્ઠા, અપ્પડીહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં ॥ ૭ ॥ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોયગાણં ॥ ૮ ॥ સવ્વનૂણં સવ્વદરિસિણં, સિવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમોજિણાણંજિઅભયાણં ॥ ૯ ॥ જેઅ અઈઆ, સિદ્ધા જેઅ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઈવટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

૧૬ ॥ અથ જાવંતિ ચેઈઆઈ ॥

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢેઅ, અહેઅ, તિરિઅ લોએઅ: સવ્વાઈ તાઈ વંદે, ઈહસંતો તત્થ સંતાઈ ॥ ૧ ॥

૧૭ ॥ અથ જાવંત કેવિસાહૂ ॥

જાવંત કેવિસાહૂ, ભરહેરવયમહ વિદેહેઅ; સવ્વેસિંતેસિંપણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં ॥ ૧ ॥

સર્વ અનંતાસિદ્ધને મારો નમસ્કાર હોજો.

(બે ખમાસમણ પૂર્વક "સ્તવનં સંદિસાએમિ, સ્તવનં ભણેમિ" નવકાર કહી સ્તવન કહેવું)

૧૮ ॥ અથ ઉવસગ્ગહરં સ્તવન ॥

ઉવસગ્ગહર પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં; વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં ॥ ૧ ॥ વિસહરફુલિંગમંતં કંઠે ધારેઇ જો સયામણુઓ; તસ્સગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥ ૨ ॥ ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામોવિ બહુફલો હોઇ; નર તિરિએ સુવિ જીવા, પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં ॥ ૩ ॥ તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પ પાયવબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણં, જીવાઅયરામરંઠાણં ॥ ૪ ॥ ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિભર નિબ્ભરેણ હિઅએણ; તા દેવ દિજ્જ બોહિ, ભવેભવે પાસજીણ ચંદ ॥ ૫ ॥

૧૯ ॥ અથ જયવીયરાય ॥

જયવીયરાય જગગુરૂ. હોઉ મમ તુહપ્પભાવઓ; ભયવં ભવ નિવ્વેઓ; મગ્ગાણુસારિઆ ઇટ્ઠ ફલસિદ્ધી ॥ ૧ ॥ લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થ કરણં ચ; સુહગુરૂ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥ ૨ ॥ વારિજ્જઇ જઇવિ નિઆણ બંધણં વિયરાય તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવેભવે તુમ્હ ચલણાણ ॥ ૩ ॥ દુઃખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ સમાહિમરણં ચ બોહિલાભોય; સંપજ્જઓમહ એવં

તુહ નાહ પણામ કરણેશું ॥ ૪ ॥ સર્વમંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારણં; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનં ॥ ૫ ॥ ઇતિ ॥

૨૦ ॥ અથ સવ્વલોએ અરિહંત ચેઇઆણં ॥

સવ્વલોએ અરિહંત ચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ વંદણ વત્તિઆએ પુઅણવત્તિઆએ, સકારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભ વત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ ॥ ૨ ॥ સદ્ધાએ, મેહાએ, ધીઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વદ્ધમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં ॥ ૩ ॥

૨૧ ॥ અથ ગુરૂવંદન. ॥

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મથ્થએણ વંદામિ ॥ ૧ ॥

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મથ્થએણ વંદામિ ॥ ૨ ॥

(પછી ઉભા થઇને નીચેનો પાઠ કહેવો)

ઇચ્છકાર ભગવન્ સુહરાઇ સુહદેવસિ, સુખ તપ શરીર નિરાબાધ સુખસંજમ જાત્રા નિર્વહોછોજી સ્વામી શાતા છેજી.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥ ૩ ॥

॥ અથ શ્રી અબ્ભુઠ્ઠિઓ ॥

ઇચ્છાકારેણ સદિસહ ભગવન્ અબ્ભુઠ્ઠિઓમિ અભ્ભિંતર દેવસિયં ખામેઉં ॥ ઇચ્છં ॥ ખામેમિ દેવસિઅં

જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં ભત્તે પાણે વિણએ વેઆ-વચ્ચે આલાવે સંલાવે ઉચ્ચાસણે સમાસણે અંતરભાસાએ ઉવરિભાસાએ જંકિંચિ મજ્ઝવિણય પરહીણં સુહુમં વા બાયરં વા તુમ્હે જાણહ અહંન યાણામિ તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

---

૨૨ ॥ અથશ્રી સામાયક લેવાની વિધિ ॥

પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મુકીને (શ્રાવક શ્રાવિકા) કટાસણું, મુહુપત્તી ચરવલો લઇ શુદ્ધ વસ્ત્ર પહેરી જગ્યા પુંજી કટાસણા ઉપર બેસી મુહપત્તી ડાબા હાથમાં મુખ પાસે રાખી બે હાથ જોડી નવકાર ગણી પચિંદિય વડીયે, સ્થાપના સ્થાપી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં, તસ્સઉત્તરી, અન્નત્થ, કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયક મુહપત્તિ પડિલેહુ એમ કહી પડિલેહણ કરી પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાઇયં સંદિસ્સાએમી ? ઇચ્છં. વળી ઇચ્છાકા૦ સામાઇયં ઠાએમી ? ઇચ્છં . એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયક દંડક ઉચ્ચરાવોજી. પછી કરેમિભંતે કહી પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાએમિ બીજે ખમાસમણે બેસણે ઠાએમિ. ઇચ્છં. એમ કહી બે ખમાસમણ દેઈ સજ્ઝાયં સંદિસાએમિ, સજ્ઝાયં કરેમિ એમ કહી બે ઘડી સજ્ઝાય ધર્મ ધ્યાનમાં લીન થવું. શાસ્ત્રાર્થ શીવાય કાંઇ પણ બીજી

વાત કરે તો સામાયક તે માયા છે એમ જાણી બરાબર ધર્મ ધ્યાન કરવું. ઇતિ.

૨૩ ॥ સામાયક પારવાની વિધિ ॥

ખમાસમણ દેઈ ઇરિયાવહિથી યાવત્ લોગસ્સ સુધી કહી મુહપત્તિને દ્રષ્ટિથી જોઈ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયક પારૂં ? યથાશક્તિ બીજે ખમાસમણે સામાયક પૂરૂં તહત્તિ. કહીએ પછી જમણો હાથ નીચો થાપી એક નવકાર ગણી સામાઇય વયજુત્તો કહીયે પછી સામાયિક વ્રત વિધિએ લીધું. વિધિએ પાર્યું. વિધિ કરતાં જે કોઈ અવિધિ આશાતના હુઇ હોય તસ્સ મિચ્છામિ દુક્કડં. દશ મનના દશ વચનના બાર કાયાના એવંકારે બત્રીશ દુષણમાં જે કોઈ દુષણ લાગ્યું હોય તસ્સમિચ્છામિ દુક્કડં. પછી ત્રણ નવકાર ગણવા. ઇતિ.

૨૪ ॥ અથ શ્રી ચૈત્યવંદન કરવાની વિધિ ॥

પ્રથમ ત્રણ ખમાસમણાં દઇને પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં એમ કહી ચૈત્યવંદન કહી જંકિંચિ૦ પછી જમણો ઢીંચણ ભૂમિએ લગાડી ડાબો ઢીંચણ ભૂમિથી અધર રહે એહવી મુદ્રાએ બેસી બે હાથ જોડી ઉતરાસણ મુખે રાખી ઉપયોગથી નમુત્થુણં કહેવું પછી જાવંતિ ચેઇયાઇ૦ જાવંતિ કેવિસાહૂ કહી અનંતાસિદ્ધને માહરો નમસ્કાર હોજો. પછી ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ૦ સ્તવનં સંદિસ્સાએમિ. ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ૦ સ્તવનં ભણેમિ. નવકાર ગણી સ્તવન કહેવું. પછી જયવીયરાય કહી પછી ઉભા થઈ સવ્વલોએ અરિહંત ચેઇઆણં કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં કહી થુઈ (સ્તુતિ) કહેવા. ઇતિ.

અથ શ્રી ચૈત્યવંદનો.

શ્રી પાર્શ્વનાથો ભવ પાપ તાપ-
પ્રશાંત ધારા ધર ચારૂરૂપઃ ॥
વિઘ્નૌઘહંતા પ્રણુતોરગેંદ્રઃ
સમસ્ત કલ્યાણ કરો જિનેંદ્રઃ ॥ ૧ ॥

શ્રી સિદ્ધચક્ર ચૈત્યવંદન.

(દુહા)

સિદ્ધચક્ર પ્રણમું મુદા, પરમાણંદ પ્રકાશ;
આલંબનથી ઉપજે, આત્મજ્યોતે ઉલ્લાસ. ૧
ચિત્તસમાધિ કારણું, ધ્યાતા ધ્યાન વિકાશ;
સિદ્ધચક્ર આરાધતાં, પામે શિવપદ વાસ. ૨
અવસર પામી સેવતા, ગુણગણનો આવાસ;
ભવસાગરથી તારજો, ભવોભવ હું તમ દાસ. ૩

અક્ષયનિધિ તપ સંબંધી ચૈત્યવંદન.

ત્રિજગનાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પુન્યે પામિયો, તુમ દરિસન હું આજ. ૧
આજ મનોરથ સવિ ફલ્યા, પ્રગટયા પુન્ય કલ્લોલ;
પાપ કર્મ દૂરે ટલ્યાં, નાઠાં દુઃખ દંદોલ. ૨
સુખદાયી પ્રભુ તું વડો, તુજ સમો અવર ન કોય;
કર્મ મેલ દૂરે કર્યા, પામ્યા શીવપદ સોય. ૩

દોષ અઢારે ક્ષય ગયા, પ્રગટયા ગુણ અનંત;
ભવ્ય જીવના કારણે, ભાખે તપ ગુણવંત. ૪
ચોથે આરે સુંદરી, આરાધી તપ એહ;
પગ પગ લક્ષ્મી પામતી, થઇ ગુણગણ મણિ ગેહ. ૫
એ તપ શુદ્ધ સોહામણો, સુંદરીની પરે જેહ;
આરાધે જે વિધિ કરી, લહે નિરમળ સુખ તેહ. ૬
શુકલપક્ષ ભાદ્રવ પદે, પંચમી લગી સીમા;
ભાદ્રપદ સુદ છઠ દિને, હોય પારણું નીમા. ૭
શ્રી જિન દેવને ધ્યાવતાં, પામે અવિચલ ઠાણ;
સહજકલાનિધિ સેવતાં, સાગર નિરમળ નાણ. ૮

શ્રી જિનેંદ્ર ચૈત્યવંદન.

(૧)

અષ્ટાપદ શ્રી રિષભદેવ, સિદ્ધા સહુ જાણ;
ચંપાનગરી વાસુપૂજ્ય, પાવા વર્દ્ધમાન. ૧
નેમિસર બાવીસમા, ગિરનારે સિદ્ધા;
એ ચારે જિન જુજુઆ; શાશ્વત સુખ લીધા. ૨
અવર વીસ તીર્થંકરાએ, સમેતશિખર ગિરોરાજ;
ભાનુચંદ્ર મુક્તિ ગયા, સિદ્ધા આતમ કાજ. ૩

(૨)

પ્રણમું પ્રેમે પ્રહસમે, આદિદેવ અરિહંત;
અષ્ટાપદગિરિ ઉપરે, પહોતા મુક્તિ મહંત. ૧
સિદ્ધગંત શ્રી વાસુપૂજ્ય, ચંપાપુરિ મઝાર;
ી મહાવીર પાવાપુરિ, શાસનના કરનાર. ૨

નેમિનાથ બાવિસમા, મોક્ષ ગયા ગિરનાર;
સમેતશિખરે શેષપ્રભુ, પામ્યા શિવસુખ સાર. ૩
જન્મ જરા ને મરણના (એ), બંધથી થયા વિમુક્ત;
અનંત લીલાલહેરમાં, સાગર સુખ સંયુક્ત. ૪

શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

શ્રી સિદ્ધાચલ મંડણો, આદિજિનેશ્વર રાય;
અવિચલ સુખદાયક પ્રભુ, પ્રણમું મન વચ કાય. ૧
શુદ્ધ ભાવથી સેવના, પ્રભુ ચરણોની થાય;
પારસમણીના સ્પર્શથી, ચેતન કનક હો જાય. ૨
વિમલાચલને વંદતા, વિમલમતિ પ્રકટાય;
વિમલાચલ ગુણ આતમા, વિમલાચલ ગુણ ગાય. ૩
એ ગિરિરાજને સેવતાં, પાંડવને શુકરાય;
થાવચ્ચા શેલગમુનિ, શાસ્વત સ્થાન સિધાય. ૪
અપૂર્વ ભાવ જ્યાં ઉલ્લસ્યો, સુદ્ધિ વૃદ્ધિ આદાય;
ગ્રંથી ભેદ થયો તદા, આતમ અતિ ઉલસાય. ૫
સમ્યગ્ દર્શન પામતાં, ભવ ભાવઠ દૂર જાય;
પરમાનંદ પ્રગટે તદા, સાગરમાં ન સમાય. ૬

શ્રી શાંતિનાથનું ચૈત્યંદન.

અજ અવિનાશી આપ ઈશ. અકલંક અરૂપી;
સિદ્ધ બુદ્ધ ભગવંત તું, અનંતજ્ઞાન સ્વરૂપી. ૧
તુજ સ્વરૂપ મુજ મન વિષે, ધ્યાવું અહુનિશ દેવ;
ચચલ ચિત્ત થાર નવિ રહે, અનાદિ કર્મની ટેવ. ૨

શાંતિ જિનેશ્વર સાહિબાએ, વિનતિ એ અવધાર;
વારંવાર વંદન કરૂં, કર ભવસાગર પાર. ૩

શ્રી મલ્લિનાથનું ચૈત્યવંદન.

આજ શુભોદય માહરો, ભેટયા શ્રી ભગવંત;
વંદન કરૂં હું ભાવશું, મલ્લિનાથ ગુણવંત. ૧
પાપ તિમિર અલગા થયા, શરણે આવ્યો આજ;
કરૂણાનિધિ કરૂણા કરી, તારો ગરિબ નિવાજ. ૨
યોગ ક્ષેમંકર સાહિબાએ, આતમતણા આધાર;
તુજ ગુણ સાગર સમ કહ્યા, કોઈ ન પામે પાર. ૩

શ્રી નેમનાથનું ચૈત્યવંદન.

ગિરનારે શ્રી નેમિજિન, બાલ બ્રહ્મચારી;
યોગીશ્વર તુજ ધ્યાનથી, પામે શિવનારી. ૧
વંદન પૂજન પ્રભુ તણો, ભવો ભવ સુખકારી;
અષ્ટ મહા ભય દૂર હરે, મહિમા જસ ભારી. ૨
હું તુજ શરણે આવિઓએ, ભવસાગરથી તાર;
સેવક વંછિત કલ્પતરૂ, ધરિઓ હૃદય મઝાર. ૩

શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

જય જય જગદાનંદ પ્રભુ, જગગુરૂ જગદાધાર;
જગ બંધવ જગ સત્થવાહ, જગ જન તારણહાર. ૧
શ્રી શંખેશ્વર સાહિબા, સામલિયા સુખકાર;
ચિંતિત ચિંતામણી ધણી, સેવક જન દાતાર. ૨

સ્વામિ શરણે આવિઓ, શરણાગત સાધાર;
શાંત સુધારસ સાગરં, વંદું વારંવાર. ૩

શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન.

(૧)

બારગુણે શોભિત છે, જગમાં તું જિનરાય;
વર્ધમાન પ્રભુ વંદતા, કંચન વરણી કાય. ૧
પ્રાતિહાર્યથી દીપતાં, સહજ અતિશય ચાર;
અગિઆર પ્રગટે કર્મક્ષયે, ઓગણિશ સુરકૃત ધાર. ૨
ચોત્રિશ અતિશયે શોભતાં, વાણી ગુણ પાંત્રિશ;
અનંત ચતુષ્ટય સંપદા, પામ્યા શ્રી જગદીશ. ૩
નિજગુણમાં રમતા સદાએ, શાશ્વત સુખમાં લીન;
ગુણ સાગર પ્રભુ તારજો, શેવક શરણાધિન. ૪

(૨)

આજ શુભોદય માહરો, કરૂણાનિધિ દીઠા;
આનંદ ઉરમાં ઉછળ્યો, કર્મ ગયા ધીઠા. ૧
અહો પ્રભુ મુદ્રા પેખતાં, શાંતરૂપ સુખકાર;
ભાવ વીર મુજ સાંભરે, અનંતગુણ ભંડાર. ૨
ચિત્ત સમાધિ કારણે એ, પ્રભુ તુજ ધ્યાન આધાર;
અવ્યાબાધ સુખદાયકં, ભવસાગર હરનાર. ૩

(૩)

શ્રી વીર જિનેશ્વર વંદિયે, શાસનપતિ જિનરાય;
વિઘ્ન સમૂહ દૂરે ટલે, જેના ચરણ પસાય. ૧

ધ્યાન ધરૂં એક આપનું, અવર ન માનું આણ;
ભવ ભવ ભમતા પામિઓ, ચરણ કમલ જગ ભાણ. ૨
આનન આનંદિત સદાએ, સોવનવર્ણ શરીર;
બહુતેર વર્ષ આયુ પ્રભુ, પામ્યા ભવોદધિ તીર. ૩

શ્રીપર્યુષણાપર્વનું ચૈત્યવંદન.

અરિહંત ઉપકારી પ્રભુ, સકલ જીવ સુખકાર;
શાસનપતિ ચોવીસમા, ભવોદધિ તારણહાર. ૧
શ્રી મહાવીર જિનેશ્વરે, ભાખ્યો ભવિ હિતકાર;
સર્વ પર્વમાં શ્રેષ્ઠતમ, પર્વ પજ્જુસણ સાર. ૨
અહો શ્રી વીર દયાલુતા, રક્ષા નિમિત્ત ષટ્ કાય;
ભાદરવા શુદિ પંચમી, પર્વ પજ્જુસણ ઠાય. ૩
શ્રી જિન વિરે આદર્યું, ગણધર તેહિજ ધાર;
આચારજ ઉવજ્ઝાય મુનિ, વરતી લહે ભવપાર. ૪
ત્રણે લોકની સંપદા, જેમ કોઇ લહી હરખાય;
પ્રભુ આજ્ઞાથી નિકટ ભવિ, અધિક આનંદિત થાય, ૫
નિમિત્તવાસી જીવડો, અશુભ નિમિત્ત ભટકાય;
શુભ નિમિત્ત પામી કરી, ચેતન સુખિઓ થાય. ૬
ત્રણે કાલ આરાધતા, ધ્યાતા ધ્યેય સ્વરૂપ;
પ્રગટે સાગર સમગુણો, ચિદાનંદ ઘનરૂપ. ૭

અથ શ્રી સ્તવનો.

અથ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

ઢાલ પહેલી.

" નમો નમો બંભવય ધારિણું "—એ દેશીમાં.

પ્રહસમે પ્રણમું પ્રેમથી, પાર્શ્વજિનેશ્વર પાઉં, હો વિનીત;
નમન કરી ગુરૂરાજને, સિદ્ધચક્ર ગુણ ગાઉં, હો વિનીત. ૧
નમો નમો નવ પદને મુદા, સેવકને સુખકાર, હો વિનીત;
કલ્પવૃક્ષ સુરગવિ સમો, વાંછિત આનંદકાર, હો વિનીત. નમો૦ ૨
શ્રી અરિહંત પદને સ્તવું, જેહના ગુણ છે બાર, હો વિનીત.
ઋદ્ધિ સિદ્ધિ સેવત મિલે, નામથી જયજયકાર, હો વિનીત, નમો૦ ૩
દુષ્ટ દુર્જન દૂરે ટલે, પાસે સુખ સમુદાય, હો વિનીત;
અરિહંત પદની સેવના, કેવલનાણ ઉપાય, હો વિનીત. નમો૦ ૪
સિદ્ધ નિરંજન ધ્યાઇએ, ચિદાનંદ ભરપૂર, હો વિનીત;
અનંત ચતુષ્ક અલંકર્યા, કર્મ કરી ચકચૂર, હો વિનીત. નમો૦ ૫
આતમ એક પ્રદેશમાં, ગુણ અનંતાનંત, હો વિનીત,
વસ્તુ જ્ઞેયાનંતથી, અનુભવ ગમ્ય લહંત, હો વિનીત. નમો૦ ૬
રૂપાતીત સ્વરૂપને, ધ્યાવે મુનિ જિન ભૂપ, હો વિનીત.
કેવલજ્ઞાનના ભાવમાં, સાગર આત્મ સ્વરૂપ, હો વિનીત. નમો૦ ૭

ઢાળ બીજી.

અભિનંદન જિન દરિસન તરસીએ—એ રાગ.

નવપદ નમનંરે ભવિક સુહંકરં, ભાવ અપૂર્વ ચિત્ત આણીરે;
પરમ પદારથ પથ પંથી થઇ, ધ્યાવો ગુણ મણી ખાણીરે. નવ. ૧
ભવિક કમલ પ્રતિબોધ દિવાકરં, છત્રિશી છત્રિશ ગુણધારંરે;
પંચ પ્રસ્થાનાદિક વિદ્યાધરં, નમો નમો સૂરિ સુખકારંરે. નવ. ૨
અવિતથ સૂત્રાર્થ ઉભય સમર્પણે, નિરંતર મતિ ઉજમાલંરે;
ભવિમન ચકોર ઉલ્લાસન ચંદ્રમા, નમો ઉવઝાય રસાલંરે નવ. ૩
ચરણ કરણ ગુણ રત્ન રત્નાકરં, કર્મરજ હરણે સમીરંરે;
પંચમહાવ્રત સમિતિ ત્રિગુપ્તિવંતં, નમો મુનિવર ધ્યાન ધીરંરે. નવ. ૪
જિનોક્ત તત્ત્વે રૂચિરૂપ સમકિત, મોક્ષ તરૂ બીજ રૂપંરે;
અજ્ઞાન સંમોહતમ નાશન રવિસમ, નમો નમો જ્ઞાન અનૂપંરે. નવ. ૫
ચારિત્ર મોહનીય ક્ષય ગુણ ઉત્પન્ન, ચેતન વિરતિ વિકાશેરે;
કઠિન કર્મ કરિ નાશન કેશરી, તપ ગુણ પ્રણમો ઉલ્લાસેરે. નવ. ૬
નાગપુરીય વડતપગચ્છ દિનકરં, શ્રી ભ્રાતૃચંદ્ર સૂરિરાજંરે;
મુનિ સાગરચંદ્ર પ્રણમે ભાવસું, સિદ્ધચક્ર મહારાજંરે. નવ. ૭

શ્રી કેશરીયાજીનું સ્તવન.

પ્રેમે પ્રણમું પ્રહસમેરે, શામલિયો મુજ મન રમેરે, શ્રી કેશરીયોલાલ;
આઠ મહાભય ટાલણોરે, આલણો સિદ્ધિ દયાલ હો જિનજી. ૧
તુમ શરણે હું આવીયોરે, દરિશન પ્રભુનો પાવીયોરે, ભાવીયો ભાવ સ્વરૂપ;
ધુલેવા રીસહેશ્વરૂરે, આપહો ભૂપના ભૂપ હો જિનજી. તુમ. ૨
તુમ આગળ પ્રભુ શું કહુંરે, જાણગ જિન માફી ચહુંરે કર્મ કર્યાંરે અનંત;
નિંદા ગુણિજન દેખકેરે, દ્વેષ ધર્યો મતિમંદ હો જિનજી. તુમ. ૩

જીવદયા સત્ય નવિ ધર્યુંરે, પાપે નિજ આતમ ભર્યુંરે, ચોરી મૈથુન ધારી;
પરિગ્રહ રાત્રી ભોજનેરે, પસરતી મતિ ન નીવારી હો જિનજી. તુમ. ૪
સંયમ ભાવના નવી રહીરે, આશા દાસી મન રહીરે, સેવ્યાં પાપ અઢાર;
હેય જ્ઞેય ઉપાદેયનોરે, જાણ્યો નવી તે સાર હો જિનજી. તુમ. ૫
કરૂણાનિધિ કરૂણા કરોરે, ભવોભવની ચિંતા હરોરે, સાધિષ્ઠાયિક દેવ;
ચોસઠ ફાગુણ માસનીરે, વદી અષ્ટમી કરી સેવ હો જિનજી. તુમ. ૬
સુવિહિત ક્રિયાનો ધણીરે, પ્રગટયો જૈનમાં દિનમણિરે—
શ્રી પાર્શ્વચંદ્ર સૂરીન્દ્ર, શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ તારજોરે—
ભણે મુનિ સાગરચંદ્ર હો જિનજી. તુમ શરણે. ૭

શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન.

[રાગ પ્રભાતી—પાર્શ્વ સંખેશ્વરા, સાર કર૦—એ દેશી]

સાર કર શામલા, વાર લાગી ઘણી; મેહેર કરી મુજરો માન લીજે,
દાસનો દાસ હું, બાર ઉભોઅછું; શામળા માહરી સાર કીજે. સાર. ૧
વિકટ ભય ચૂરવા, સવી સુખ પુરવા; દુર્જનતણો ભય ટાલ દૂરે ॥
આ કળિયુગ વિષે, કોઇ નહિ તુજ સમો; પ્રભુ હવે માહારી આશ પૂરે. ૨
ચૂક પડે ચાકરી, તોહિ કીજે દયા; દાસરો દાસ હું છું દયાળા ॥
નાભિરાયા મરુદેવી કુખે દીપતો, સર્વ ભવિજનતણા પ્રતિપાલા. સાર. ૩
દયા કરી દીજીયે, દાસ જાણી મુને; તુજ પદ પંકજ સેવ સારી ॥
મુનિ ખુશીઆલ કહે તુજ પદ સેવતાં; નામ પ્રભુ જાઉ બલિહારી વારી. ૪

શ્રી અજિતનાથનું સ્તવન.

(સખી આવ્યો ભાદ્રવમાસ ધર્મનો ધોરી રે)—એ દેશી.

સખી અજિતનાથ મહારાજને પ્રેમે પ્રણમું રે,
અનંત સંસાર સચાર થકી હું વિરમું રે;

સખી વૈશાખ શુક્લ ત્રયોદશિયે પ્રભુ ચવિયારે,
કરૂણાનિધિ કરિ કરૂણા ઉદ્ધરવા ભવિયા રે. ૧
સખી અયોધ્યા નગરી માંહ્ય જગતગુરૂ જનમ્યા રે,
આવિ દિગ્કુમરિ પરિવાર હરખે નમિયા રે;
સખી સૌધર્મ સુરપતિ ભક્તિ સહિત તિહાં આવિ રે,
વંદી નંદી પ્રભુને મેરૂ ગિરિપર લાવિ રે. ૨
સખી ચોસઠ સુરવર દેવ દેવી સવિ આવે રે,
જગપતિ જન્મ મહોચ્છવ હરખે થાવે રે;
સખી ક્ષીર સમુદ્રના નીર લેવાને જાવે રે,
કનક રજત મણી કુંભ રચી ભરી લાવે રે. ૩
સખી વૃષભરૂપ કરી ઈંદ્ર સ્વામિન્ નવરાવે રે,
બાવનાચંદન લેપ સુંગંધી લગાવે રે;
સખી પૂજી પ્રણમી પાય ઘરે પધરાવે રે,
ધવલ મંગલ આનંદથી ગૌરી ગાવે રે. ૪
સખી હસ્તિલંછન પ્રભુ પાય અહોનિશ સેવે રે,
ભક્તિવચ્છલ ભગવંત મુગતિધામ દેવે રે;
સખી બહુતેર લાખ પૂરવનું આયુ પૂરણ કરી રે,
સમેતશિખરગિરિ સિદ્ધ કાઉસગાસન ધરી રે. ૫
સખી અણુસણ માસ એક ચૈત્રશુદ પાંચમી રે,
સહસ મુનિ પરિવાર ઉત્તમ ઠામે રે;
સખી એ જિન સેવો ભાવે દેવ ન એવો રે,
ભવિ પુન્ય સંજોગે મલ્યો તે લાહવો લેવો રે. ૬
સખી નાગપુરીય તપગચ્છ ધુરંધર સૂરિ રે,
જેણે બહુ કરિઆ ઉપકાર ભવિ આસ પુરી રે;

સખી સહજકલાનિધિ સુગુરૂ ચરણુ પસાયે રે,
મારો આતમા ગુણસાગર થઇ સુખિયો થાયે રે ૭

શ્રી માતરતીર્થ સુમતિનાથજીનું સ્તવન.

રાગ પ્રભાતિ.

પ્રહસમે પ્રેમસું પ્રણમતાં પ્રાણિયા, સુમતિ પ્રભુ સુમતિ સૌભાગ્ય આપે;
એહનું નામ અભિરામ સુખધામ તે, સમરતાં પાપ સંતાપ કાપે. પ્ર.
આધિ ઉપાધિને વ્યાધિ સહુ ભયટલે, મન મનોરથ ફલે નાથ નામે;
જાપથી તે ભવિ સુરસુખ ભોગવી, ક્ષેત્ર વિદેહમાં મુક્તિ પામે. પ્ર.
માતર પુરવરે ભવિકજન અઘ હરે, સેવતાં સુખ કરે નામ જેનું;
તેહનું ધ્યાન ધરતાં થકાં એકમને, કર્મમલ દૂર ન થાય કેનું. પ્ર.
મેઘરાય નંદન કલિમલકંદન, સોવન વર્ણ શરીર રાજે;
માત સુમંગલા ગુણનિધિ નિરમલા, ક્રૌંચલંછન જિન ચરણે છાજે. પ્ર.
હરિ હરાદિક જે અન્ય દેવો થયા, તેહને કામરાજે ભમાયો;
તેહ કંદર્પના દર્પને ક્ષણકમાં, ક્ષયકરી કેવલજ્ઞાન પાયો. પ્ર.
એક યુરોપિયન આવિ ચુનો હરે, તેહના દેહમાં ચૂંક વ્યાપી;
તતક્ષણ આવિને તે નરે પ્રભુ કને, સાચાદેવ એ બીરૂદ થાપી. પ્ર.
બે કર જોડીને માનમદ મોડીને, વિનતિ કરે પ્રભુ હું જ ચુકયો;
દેવ દયાનિધિ દીનને તારજો, એમ કહિ શ્રી જિન ચરણે ઝુકયો. પ્ર.
નાથ મહિમા ઘણો અવનીમાં મેં સુણ્યો, તેહ કારણ મુજ મન ઉમાયો;
સ્વામિ હું આવિયો દરિશન પાવિયો, શાંત મુદ્રાથકી શ્રમ ગમાયો. પ્ર.
સુમતિ પ્રભુ આપજો કુમતિને કાપજો, થાપજો આપ ચરણારવિંદે;
જેહથી ભવોભવ સંચિત પાપનું, નાશ કરી શાંતિ પામું અમદે. પ્ર.

સંવત ઓગણિશ બાસઠ મૃગસરસુદિ, પ્રતિદિન નિરખતાં સૌખ્ય પાયો;
શ્રી પ્રભુભક્તિ ભરપુરની શક્તિથી, નૂતન સ્તવન મેં આજ ગાયો. પ્ર.
શ્રી જિનરાજ મુજ કાજ આજે સર્યા, સદ્દગુરૂ સાનિધે યાત્રા કીધી;
સહજકલાનિધિ મુનીશ્વર શેવિને, સાગરે કામના સિદ્ધ કીધી. પ્ર.

શ્રી શાંતિનાથનું સ્તવન.

સુણો ચંદ્રાજી શ્રી મંધર પરમાતમ પાસે જાજો—એ દેશી.
હો શાંતિપ્રભુ આ સંસાર અસારનો પાર ન પાયો,
હો સાહેબજી ભવભવ ભમતા સેવક શરણે આયો
હું ભમ્યો ભવ કોડાકોડી, બહિરાતમ વિષયમાં મન જોડી;
ધર્મતણી વાતોને વખોડી, હો શાંતિ પ્રભુ૦ ૧
નિગોદ અનંતો કાલ રહ્યો, સૂક્ષ્મથી બાદર માંહિ ગયો;
પુઢવી દગ તેઉ વાઉ ભયો; હો શાંતિ પ્રભુ૦ ૨
બી તિ ચઉરિંદ્રિયમાં આયો, તીર્યંચ પંચેદ્રિયમાં જાયો;
સુર ચાર નિકાયની ગતિ પાયો; હો શાંતિ પ્રભુ૦ ૩
ચઉદરાજલોક માંહિ ભમિયો, યોની ચોરાસીલાખમાંહિ રમિયો;
નદી ગોલના ન્યાયે અશુભ વમિયો; હો શાંતિ પ્રભુ૦ ૪
દશ દષ્ટાંતે દોહિલો ગાયો, તે મનુષ્ય ભવ માંહિ આયો;
પુન્ય પુરવના અધિકે પાયો; હો શાંતિ પ્રભુ૦ ૫
ઇમ કીધા ફોકટ મેં ફેરા, ભેટયા નહિ ચરણુ શ્રી જિન કેરા;
તેથી કાજ ન સિદ્ધા પ્રભુ મેરા, હો શાંતિ પ્રભુ૦ ૬
દુર્લભ પાયો આરજ દેશ, શ્રાવક કુલે જન્મ થયો ઇશ;
લહી સમ્યક્ શ્રદ્ધા લવલેશ, હો શાંતિ પ્રભુ૦ ૭

પ્રભુ ચરણ કમલ પાયા તેરા, નમતા સવિ દુઃખ ગયા મેરા;
સ્વામી આપોને શિવસુખની લે'રા, હો શાંતિ પ્રભુ૦ ૮
આજ આંગણે મુઝ સુરતરૂ ફલિઆ, સૂરિસહજકલાનિધિ ગુરૂ મલિઆ;
મુનિ સાગરના સવિ ભય ટલિયા, હો શાંતિ પ્રભુ૦ ૯

શ્રી ચિન્તામણી પાર્શ્વનાથસ્વામીનું સ્તવન.

તુંહી નાથ હમારો હો જિનપતિ, તુંહી નાથ હમારો.—એ આંકણી.
યોગ ક્ષેમંકર ભવિક સકલકે, સેવક હૈયામાં ધારો;
હાંહાં રે પ્રભુ, સેવક હૈયામાં ધારો હો જિનપતિ. તુંહી. ૧
યો ગુન પાયે નહિ સો મિલાવત, પાયે ગુનકું સુધારો. હાંહાં રે. ૨
અનભિરામ કલિમલ કરો દૂરે, અબ મોહે પાર ઉતારો. હાંહાં રે. ૩
ત્રિભુવનનાથ સાર કરો મોરી, કરૂણા નજર નિહાળો. હાંહાં રે. ૪
પાસ ચિંતામણી ભાનુચંદ્રકી, એહી વિનતી અવધારો. હાંહાં રે. ૫

શુદ્ધ આણા ગર્ભિત શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

(ખેત્ર વિદેહ સોહામણો—એ રાગ.)

વીર જિણેસર વંદિએ, હર્ષ ધરી નિસ દિસોરે;
જેહનો સાસન જયમગે, વરસ સહસ એકવીસોરે. શ્રી જિન ૧
શ્રી જિન આણ આરાધિયે, દોસ પ્રવાહ ન દીજેરે;
ધરમ સોવન જિમ શોભતો, સૂત્રકસવટિ કસ લીજેરે. શ્રી. ૨
પડિકમણું માંહિ દેવી થુઈ, બી તી ચઉ કોઇ બોલેરે;
લાભ ઘણો કહો કેહને, ડાહ્યા શ્યા ભણી ડોલેરે. શ્રી. ૩
સમકિત ધારી જે દેવતા, તિણ કારણ કાઉસગ કીજેરે;
તો જિન પાસને કાઉસગેં, કાંઈ મિથ્યાત કહીજેરે. શ્રી. ૪

અવગ્રહ માગવા કારણે, સુર થુઈ કેમ ભણીજેરે;
હરિહર યક્ષને દેહરે, રહિતા સાધુ સુણીજેરે. શ્રી. ૫
ક્ષેત્રદેવી જે ચંડિકા, તેહતણી થુઇ બોલેરે;
પડિકમણો અવિધે કરે, નિલજ થયા નીટોલેરે. શ્રી. ૬
પંચમી પરવ સંવચ્છરી, બોલી શ્રી જગન્નાથેરે;
તિણ દિન આરંભ સેવતાં, ઇણ હઠ સ્યું આવે હાથેરે. શ્રી. ૬
સ્વામી તુમ્હે સિદ્ધ પધારીયા, મુગતિ મારગ કુણ દાખેરે;
મુનિવર દીસે છે જે જગે, તે સહુ જુઓ જુઓ ભાખેરે. શ્રી. ૭
કોઇ કહે પાખી પુનિમે, કોઈ કહે ચૌદશ કીજેરે;
મુનિવર બે જિન શાસનની, કેહનો કહ્યો કરીજેરે. શ્રી. ૯
પાખી ચૌદશ દિન કહી, પુનમ ભણ્યો ચોમાસોરે;
એક દિન બે ન હુવે સહી, સૂયગડ અંગ વિમાસોરે. શ્રી. ૧૦
તિણ દિન દેવસી પડિકમે, પડિયા લોક પ્રવાહેરે;
ચતુર ચુકયા કેમ સૂત્રથી, ઇમ રૂલસે ભવ માંહેરે. શ્રી. ૧૧
પ્રભુ તુમ આગમ છાંડીને, લાગ્યાં છઉમથ લારેરે;
સુખ કિમ પામસે પ્રાણિયા, રૂલસે અનંત સંસારેરે. શ્રી. ૧૨
જિણ તીથે આદિત ઉગમે, તેહ અહોરાત્રી તસુ સંગેરે;
શ્રીજિન ભગવતીમાં ભણ્યો, ચંદપન્નતી ઉવંગેરે. શ્રી. ૧૩
પંચમી સંવચ્છરી મુકતાં, મુનિવર મૂલથી ચુકયારે;
વસ્ત્ર ધોવે જયણા કરી, મસ્તકે ઘાલે છે ભુકારે. શ્રી. ૧૪
કોઈ કહે અમ્હે સ્યું કરૂં, પુરવ આચારજ કીધોરે;
ઈમ કહી લોકને ભોલવે, ચારિત્ર જલાંજલિ દીધોરે. શ્રી ૧૫
શ્રાવક શ્રાવિકા શિર ઠવે, તંદુલ વાસવ મેલિરે;
છલ કરી છેતર્યા જીવડા, ભલી ભલી આનંદ હેલીરે. શ્રી. ૧૬

જેહની કરીએ પરંપરા, તેહને પાસથ્થા જાણુંરે;
એહવે પાખંડે જે ગયા, તે ગયા પહિલે ઠાણુંરે. શ્રી. ૧૭
રે જીવ કુમતિ ન રાચિયે, તત્ત્વ વિગત મન આણોરે;
શ્રીજિન વીરને તીરથે, દેવગુરૂ ધર્મ પીછાણોરે. શ્રી. ૧૮
અરિહંત દેવજ આદરો, ગુરૂ શ્રી સાધુ વખાણોરે;
ધરમ કેવલીનો ભાખિયો, મુગતિ મારગ ઇમ જાણોરે. શ્રી. ૧૯
સ્વામી હું સેવક તાહરો, જક્ષ દેવ્યા નવી ધ્યાવુંરે;
હિત કરી પાર ઉતારજ્યો, સિદ્ધતણા સુખ પાવુંરે. શ્રી. ૨૦
પ્રવચન મીલતો જે જગે, કરે ક્રિયા ગુણવંતોરે;
શ્રી પાર્શ્વચંદ્રસૂરી ઇમ કહે, પામે તે સુખ સંતોરે. શ્રી. ૨૧

શ્રી પજ્જુસણ પર્વ મહાવીર પ્રભુનું સ્તવન.

(તેજે તરણીથી વડોરે)—એ દેશી.

પૂરવ પુન્ય સંયોગથીરે, પામી નરભવ સાર;
ચલ ચિત્ત થીરતાર્થે કહ્યોરે, આલંબન અધિકાર હો જિનજી. આજ. ૧
આજ આનંદ અતિ ઘણોરે, સંઘ સકલ સોહામણોરે,
વંદે શ્રી વીર જિણંદ;
પર્વ પજ્જુસણ શેવતાંરે, અમને પરમાનંદ હો જિનજી. આજ. ૨
આષાઢી પૂનમ થકીરે, પચાસ દિન પર્વરાજ;
જગત જંતુ હીત કારણેરે, ફરમાવો મહારાજ હો જિનજી. આજ. ૩
ભાદરવા સુદિ પંચમીરે, વાર્ષિક પર્વ ઉદાર;
તિણુદિન ચૈત્ય જુહારવારે, આપ પ્રકાશો શ્રીકાર હો જિનજી. આજ. ૪
યોગ્ય ખેત્રના અભાવથી મુનિ, વૃક્ષ હેઠે કરે ઠાણ;
પંચમીદિન ન ઉલંઘવરે, આપશ્રીની એ આણ હો જિનજી. આજ. ૫

જેમ અરિહંત તેમ ગણધરૂરે, શેવે સૂરિ ઉવજ્ઝાય;
મુનિ સવિસંઘને આપનોરે, શાસન છે સુખદાય હો જિનજી. આજ. ૬
શ્રી કલ્પસૂત્રની વાંચનારે, શુણિયે થઇ સાવધાન;
ગુરૂભક્તિ ચિત્તમાં ધરીરે, આપશ્રીનો ફરમાન હો જિનજી. આજ. ૭
અવિચલ શાસન તાહરોરે, વરતે છે જયવંત;
ત્રિશલાનંદન વીરજી રે, મહિયલે મહિમાવંત હો જિનજી. આજ. ૮
શ્રી પર્વ પંચમી પામીનેરે, ઉદયન ખમ્યો રાજાન;
તેમ ખમિ ભવ્ય ખમાવિયે ઇતિ, આપ કરાવો ભાન હો જિનજી. આજ. ૯
તુમ આણા શુદ્ધ ઔષધિરે, સેવંતા સુખકાર;
જગ ગુરૂ સહજકલાનિધિરે, કર ભવ સાગર પાર હો જિનજી. આજ. ૧૦

અથ શ્રી સિદ્ધચક્ર નવપદજીનું સ્તવન.

હો સાહેબજી નેક નજર કરી નાથ સેવકને તારો—એ રાગ.

ભવિ પ્રિત કરી નવપદ ગુણનિધિ દાયક લાયક સેવિયે;
તિહાં પ્રથમ દેવ અરિહંત ભાખ્યા, દૂજા શ્રી સિદ્ધગુણી દાખ્યા;
ત્રીજા આચારજ ગુરૂ આખ્યા. ॥ ભવિ૦ ૧ ॥
ચઉથે પદ ઉપાધ્યાય રૂડા, પંચમ ગુરૂ સાધુ નહિ કૂડા,
છઠ્ઠે દંશણ ધરમે ચૂડા. ॥ ભવિ૦ ॥ ૨
સપ્તમ પદ જ્ઞાન સુંદર દીસે, અઠ્ઠમ ચારિત્ર કર્મ પીસે;
નવમે તપ ઉત્તમ જન કીસે. ॥ ભવિ૦ ૩ ॥
રાગદ્વેષ મોહ દુર કરી, આજ્ઞા સંવેગ સંતોષ ધરી;
ધ્યાવો તો એહ છે ધર્મ તરી. ॥ ભવિ૦ ૪ ॥
સાગરનિધિ વસુ ઇંદુ સમે, ૧૮૮૭) આશ્વિનસિત પુરણ જ્ઞાન રમે;
હર્ષે જગ જસ પરતાપ નમે. ॥ ભવિ૦ ૫ ॥

અથ શ્રી સ્તુતિઓ.

(હરિગીત).

અષ્ટાપદે શ્રી આદિજિનવર વીર પાવાપુરીવરૂં,
વાસુપુજ્ય ચંપાનયરી સિદ્ધા નેમ રૈવત ગિરિવરૂં.
સમેતસિખરે વિશ જિનવર મુક્તિ પોહોતા મુનિવરૂં,
ચોવીશ જિનવર નિત્ય વંદુ સમર સંઘે સુખકરૂં. ૧

શ્રી આદિનાથની થુઇ.

(૧)

પાંચસેં ધનુષની નિરમલ દીપે કંચન વરણી કાયાજી,
સાધુ સાધ્વી સંઘ પરિવારે અષ્ટાપદગિરિ આયાજી;
લાખ ચોરાસી પૂરવ આયુ પાલી શિવપદ પાયાજી,
અનંત જ્યોતિ સ્વરૂપમેં જઈ જ્યોતમેં જ્યોત મીલાયાજી. ૧

(૨)

રિસહ જિનવર રિસહ જિનવર જનની મરૂદેવી;
નાભિરાય કુલ કમલવર, વિમલ સોહ પડિબોહ દિણયર;
જગજીવન જગતિલો જગનાહ, જગજીવ જયકર જોગીશ્વર,
જગ જાસુ જસ ઝધમગ જગે અપાર,
પ્રથમ તીર્થંકર મુઝ સરણુ કર, પ્રભુ સેવક સાર. ૧

શ્રી શાંતિનાથની થુઇ.

(૧)

સંતિજિણંદો ચઇઉણ રજ્જં, પવજ્જમાદાય ખવિત્તુ કમ્મં;
નાણી અવિત્તા ઉવગ્ગે સમાહ, અસંખ્યં [illegible] સમાહો ૧

(૨)

સકલ સ્વામી સકલ સ્વામી સંતિ જિણુરાય,
કમલ નયણુ કર ચરણુવર આપ તરણુ પરજીવ તારણુ;
દુઃખહરણુ સુખકરણુ સવિ મોહ સુભટ દલ હેલિ વારણુ,
પાય પસાયે તુમ તણે મેં લાધી જિન આણુ,
સંતિકરણુ તુહ દંસણે હોજો નિતુ સુવિહાણુ. ૧

શ્રી નેમિનાથની થુઇ.

નેમિ જિનવર નેમિ જિનવર બાલ બ્રહ્મચારિ,
નારી મિત્ર નવભવ લગે નેહ બદ્ધ સંબદ્ધ દૃઢમન;
રાયમઈ રાયમઈ રાયમઈ તજિ ભજ્યો કાનન;
સમુદ્રવિજય શિવાદેવી સુત શ્યામવરણુ શરીર,
સંખ લંછન દસ ધનુષ તનુ ધર્મ ધુરંધર ધીર. ૧

શ્રી પાર્શ્વનાથની થુઇ.

(૧)

સકલ સાર સુરતરૂ જગજાણું, જસુ જસ વાસ જગત્ પરિમાણું;
ત્રેવિશમોજિન મુગટ સુચંગં, નમો નમો જિનપતિ મનરંગં. ૧

(૨)

પાસ પુરે પાસ પુરે પાસ જિણુ આસ,
પાપ પાસ તોડે સયલ ગુણુગણુ નિવાસ;
વાસવ નમ સિય હાસકાસ સંકાસજસુ, જાસ ચાસ તનુભાસ સંસિય,

તાસુ દાસ હું પ્રભુતણો માગું સિદ્ધિવાસ;
ઉલ્લાસે આપો સહી દિન દિન જ્ઞાન પ્રકાશ. ૧

શ્રી મહાવીરસ્વામીની થુઇ.

(૧)

તિથ્થ નાયક તિથ્થ નાયક વીર જિનરાય,
ઉપગારી આસન સમય નાણુ જાણી જિનધર્મ ભાખ્યો;
પંચમ કાલ વિશાલ બલે જૈનમાંહે પસરંત રાખ્યો,
તેહિજ ધર્મ જયવંત છે વરસ સહસ ઇગવીસ;
વર્દ્ધમાન જિનવરતણો વર્દ્ધમાન નિસદીસ. ૧

(૨)

મંગલ આઠ કરી—એ દેશી.

જગ ઉપગારી સવિસુખકારી વીર જિનેશ્વર વંદોજી,
શાસનનાયક શિવસુખદાયક શેવો ગુણમણિ ચંદોજી;
શ્રી પ્રભુ આણુ આરાધિ ભવિઆ દૂર હરો ભવ ફંદોજી,
આલ પંપાલ પ્રપંચને છાંડી ધ્યાવો ધ્યેય સુખ કંદોજી. ૧

પર્યુષણા પર્વમાં શ્રી મહાવીરસ્વામીની થુઇ.

(૧)

કરૂણાસિંધુ જગજન બંધુ, શ્રી વીર જિનેશ પ્રકાશેજી;
ભાદરવા સુદિ પંચમી શ્રીપર્વ, સેવો ભાવ ઉલ્લાસેજી;
પવિત્ર શ્રી કલ્પસૂત્રની વાંચના, સુણિયે સદ્દગુરૂ પાસેજી;
આજ્ઞારંગી સમકિત સંગી–ના ગુણ સુરવધૂ ગાસેજી. ૧

(૨)

“ દિન સકલ મનોહર બીજ ”—એ દેશીમાં.

શ્રીવીર જિનેશ્વર જગદીશ્વર જગભાણુ,
શ્રી પર્વ પ્રકાશે પંચમી ગુણમણી ખાણ;
વિખવાદને ટાલી પાલી જિનવર આણ,
ભવિ જીવ આરાધો સાધો આત્મ કલ્યાણ. ૧

શ્રી જિનેશ્વર સ્તુતિઃ

(૧)

(વસંતતિલકા.)

સ્વામી જિનેશ કરૂણાનિધિ દીનબંધુ,
હે નાથ પૂજ્ય પરમેશ્વર તાત સિંધુ;
ગંભીર વીર અતિધીર મહા પ્રતાપી,
છો શાંત દાંત ભગવંત અનંત વ્યાપી. ૧

(૨)

(સિરિસિરિસહેસર ગુણનિધાન)—એ રાગ.

પ્રણમું પ્રેમે પ્રથમ પ્રભુ, રિષભદેવ સુખકાર;
મંગલકારિ અજિતનાથ, વંદુ અમિત ગુણધાર;
પામ્યા શિવસુખ સંપદા, સેવું સંભવસ્વામી;
અભિનંદન જિન ચરણનમું, ચિદાનંદ સુખધામી;
સુમતિ સાહેબ સમરતાં, જ્ઞાનકલા વિકશાય;
પદ્મપ્રભુ પદ પ્રણમતાં, પાપ તાપ પલાય. ૧
સુપાર્શ્વનાથ આલંબને, કર્મ અરિ ભય જાય;
ચંદ્રપ્રભુ ચિત્તમાં ચડયે, ચેતન અતિ મકલાય;

સુવિધિદેવ વંદો મુદા, સુવિધિ નિધિ દાતાર;
શીતલ જગપતિ સેવિયે, શમ શીતલ સુખકાર;
શાસ્વત સંપદ શ્રેયનો, આશ્રય શ્રી શ્રેયાંસ;
વાસવ વંદિત વાસુપૂજ્ય, મુનિ મન માનસહંસ. ૨
વિમલ દેવ કેવલ બલે, વિમલવાણી વિકાશી;
અનંતધર્માત્મક વસ્તુને, અનંતનાથે પ્રકાશી;
ધર્મજિણંદના ધ્યાનથી, ધ્યાયક ધ્યેયપદ પાય;
શાંતિજિનેશ્વર સેવતાં, સેવક સુખીયા થાય;
કરૂણા કર કુંથુ કૃપાનિધિ. કરૂણા રસ ભંડાર;
મહા ગોપ મહા સાર્થવાહ, અરજિનવર નર ધાર. ૩
પ્રણમું મલ્લિમુનીંદ્રને, મહિમા મેરૂ સમાન;
અનંત ચતુષ્ટયીને વર્યા, મુનિસુવ્રત ભગવાન;
નમિજિનેશ્વર ધ્યાયિએ, વિઘ્ન વિનાસે ઘરટ્ટ;
કુમારપણે પ્રભુ નેમિજિન, મનમથ માન મરટ્ટ;
શ્રી પાર્શ્વનાથ પારસમણી, સેવત સવિ સુખકાર;
યોગ ક્ષેમંકર શ્રી વીરનાથ, પ્રણમું આત્મ આધાર. ૪
એણિપરે ચોવિસે જિનવરા, સાંપ્રતકાલે ઉદાર;
ભાવ ભક્તિભરે સંસ્તવ્યા, શાશનના શિણગાર;
અજ અવિનાશી અકલગતિ, અકલમતિ અવિકાર;
શિવ વામાવર વક્ષ સ્થલ, નિરમલ મુક્તાહાર;
જંગમ તીર્થ સુરતરૂસમો, શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિરાય;
સાગરચંદ્ર પ્રભુ વંદતા, મનવંછિત ફલ થાય. ૫

અથ શ્રી ગુંહળીઓ.

(૧)

માલણ ગુંથી લાવ્ય ગુણીયલ ગજરો,–એ રાગ.

સાહેલી મળી આજ ગુરૂગુણ ગાઇએ, ગુણગાઇએતો નિરમળ થઇએ.
સાહેલી મળી આજ ગુરૂગુણ ગાઇએ—ટેક.

ગુરૂ ભ્રાતૃચંદ્રસુરિરાયા, જસ મોહ કોહ નહિ માયા;
જેની કંચનવરણી છે કાયા, સાહેલી. ૧

જસ પુણ્યના અતિશય ભારી, જેહ જન્મથી બાળબ્રહ્મચારી;
ગંગાજળ સમ અવિકારી, સાહેલી. ૨

આજ અક્ષયત્રિજ દિન ભારી, શ્રી સંઘની અરજ સ્વીકારી;
કર્યા આભારી ગુરૂએ પધારી, સાહેલી. ૩

આજ ધ્રાંગધરાના સંઘે, કર્યું સામૈયું અતિ ઉછરંગે;
ગોરી મોતીડે વધાવે ઉમંગે, સાહેલી. ૪

જિનમંદિર પૂજા રચાવે, અઠ્ઠાઇમ્હોત્સવ મન ભાવે;
ગુરૂભક્તિથી સરળ સ્વભાવે, સાહેલી. ૫

સૂરિરાજને વાંદવા આવે, સંઘ ગામ નગરના ભાવે;
રાજનગરથી સૂરિના પ્રભાવે, સાહેલી. ૬

ચાલ બેની વ્યાખ્યાનમાં જઇએ, ગુરૂ વાણીથી પાવન થઇએ;
સુણી ભગવતીસૂત્ર સદ્દહીએ, સાહેલી. ૭

નમી વંદીને પાવન થઇએ, કરી ભક્તિ સ્તુતિ ગુણ ગાઇએ;
વ્રત નિયમનું ભાતુ લેઇએ, સાહેલી. ૮

બેની ગુંહવળી ગુરૂની કરીએ, પાછળ પરદક્ષણા ફરીએ;
સ્વાસ્તિક પુરી ચૌગતિ હરીએ, સાહેલી. ૯

ગુરૂ સહજકલાનિધિ પાય, સેવી સાગર સુખીયો થાય;
શશિ જોઈ સાગર ઉલ્લસાય, સાહેલી. ૧૦

(૨)

જંગમ તીરથ સુરતરૂ, ગુરૂ ગુણના દરીયા—હાંહારે ગુરૂ—એ રાગ.

કલ્પવૃક્ષ કળિકાળમાં, સૂરીશ્વર ગુણદરીયા. હાંહારે સૂરીશ્વર ગુણદરીયા.
ભ્રાતૃચંદ્રસૂરિરાજજી, સમતા રસભરીયા. હાંહારે સમતા.
આંબો મરૂધરમાં ઉગ્યો, એ અચરીજ ભારી. હાંહારે એ.
ફળ્યો ફૂલ્યો ગુજરાતમાં, શાખા વિસ્તારી. હાંહારે શાખા.
સુવિહિત ગીતારથ સૂરિ, નિગ્રન્થ ગણ ધોરી. હાંહારે નિગ્રન્થ.
બારસેંછન્નુ ગુણે ભર્યા, ગુરૂ પાસ ન કોરી. હાંહારે ગુરૂ.
જંગમ તીરથ મુનિપતિ, ગુરૂ પાદ વિહારી. હાંહારે ગુરૂ.
સૌમ્ય કાન્તિ ભવ્યાકૃતિ, મન્મથ અવિકારી. હાંહારે મન્મથ.
શિષ્ય સંપદા સહ સૂરિ, સમતારસ ઝીલે. હાંહારે સમતા.
પંચ મહાવ્રત પાળતાં, ચાલે શ્રુત ચીલે. હાંહારે ચાલે.
અવનિતલ પાવન કરી, નર નારી તાર્યાં. હાંહારે નર નારી.
અક્ષયત્રિજ શુભ વાસરે, ધ્રાંગધરે પધાર્યા. હાંહારે ધ્રાંગધરે.
આજ મહોદય સવી ફળ્યા, આજ મંગળમાળા. હાંહારે આજ.
ગુરૂગુણ ગાતી વધાવતી, મુક્તાફલ બાલા. હાંહારે મુક્તાફલ.
સામૈયું સંઘે કર્યું, આશાતના ટાળી. હાંહારે આશાતના.
મ્હોત્સવ રંગ વધામણા, ઘેર ઘેર દીવાળી. હાંહારે ઘેર ઘેર.
એવા ગુરૂના નામથી, નવનિધ પ્રગટાવે. હાંહારે નવનિધ.
અષ્ટમહાભય દૂર ટળે, મહા મારી જાવે. હાંહારે મહામારી.
નાગપુરીય તપ ગણ ગયણ, સૂરિ ચંદ્ર પ્રકાશે. હાંહારે સૂરિ.
સહજકલાનિધિ ભાળતાં, સાગર ઉલ્લાસે. હાંહારે સાગર.

શ્રી મહાવીરસ્વામીનું પારણું.

ભવિજન ભાવે ગાઇએ વીરકુંવરનુ પારણું,
સુણતાં ભણતાં સુધરે ધર્મ અર્થને કામ;
મંગળમાળા લચ્છી વિશાળા આ ભવમાં લહો,
પરભવ સ્વર્ગ અને અપવર્ગ લહો શુભધામ.   ભવિજન. ૧

ક્ષત્રિયકુંડ વિષે પ્રાણુંત વિમાનેથી ચવી,
અવતરીયા સિદ્ધારથ કુળ ગયણ દિણુંદ;
ત્રિશલામાતા ઉરસર આવ્યો અભિનવ હંસલો,
સુદિ અષાઢ છઠ્ઠ દિન ચવિયા ચરમ જિણંદ.   ભવિજન. ૨

નવ માસ સાડાસાત દિવસ ગરભે રહ્યા,
ઉત્તરાફાલ્ગુની ચૈતર સુદ તેરશ શુભ યોગ;
પ્રભુજી જનમ્યા તે દિન નરકે અજવાળા થયાં,
દીધાં દાન માન યાચકને નાઠા રોગ.   ભવિજન. ૩

ફરકે ઘર ઘર તરિયા તોરણ ગુડીયોને ધજા,
મુક્તાફળના સ્વસ્તિક પૂરે મનોહર બાળ;
મુક્ત કર્યા બંધીજન બિરૂદાવળી બંદી ભણે,
ક્ષત્રિયકુંડમાં વરતે ઘરઘર મંગળમાળ.   ભવિજન. ૪

માતા ત્રિસલાજીને આનંદ માય ન અંગમાં,
દેખી વીરકુંવરની કાયા કંચનવાન;
વપુ શુભ કોમળ નિરખી હરખે હૈયું માતનું,
રૂપ પ્રભુનું દેખી ભૂલ્યો રતિપતિ ભાન.   ભવિજન. ૫

શરદની શશિકાન્તિ પ્રભુ મુખ જોઈ ઝાંખી થઈ,
જોઈ તેજ નિસ્તેજ થયે રવિ પશ્ચિમ જાય;

રક્ત કમળદળ પગલાં ભૂતળ ઠવિ પાવન કરે,
મંગલકારી અવીકારી અંતિમ જિનરાય. ભવિજન. ૬
રતનજડિત ઝુલાવે માતા પ્રભુનું પારણું,
પુલકિત મન વિકસે તન ફરસી કરે લાલ પાલ;
અલોલોલો હાલ ખમા લાડકડા મારા લાલને,
બુચકારી કહે લેઉં ઓવારણા પ્રિય બાલ. ભવિજન. ૭
આશિરવાદ વદિ જગમાતા હાલો ગાવતાં,
એ કરથી ભીડી હ્રદય વિષે જિનરાજ;
કુંવરજી ઘણું જીવો કુળનો દીવો તું થજે,
તારણતરણ થજો વળી ભવોદધિ તારક ઝાઝ. ભવિજન. ૮
વીરકુવર આ માતાની કુળ લાજ વધારજો,
કરમ કટકથી કરજો ભવરણમાં સંગ્રામ;
અંતિમ જિનસાસનપતિ થઇ સાસન વરતાવજો,
ઉદ્ધરી ભવિ નરનારીને દેજો શિવધામ. ભવિજન. ૯
ધર્મધુરંધર ધોરી રથ શિલાંગ ચલાવજો,
અનુભવ યોગી થઇને કરજો ભવનો પાર;
સહજકલાનિધિ ગાશે વીરકુંવરનું પારણું,
તસઘર લીલાલચ્છિ બાળગોપાળ વિસ્તાર. ભવિજન. ૧૦

શ્રી ગૌતમસ્વામીનો લઘુ રાસ.

શ્રી વસુભૂઈ પુત્તો, માયા પુહવીય કુચ્છિ સંભુઓ;
ગણધાર ઇંદ ભૂઈ, ગોયમ ગુત્તો સુહં દિસઉ. ૧
રયણવિહાણે થયો પ્રભાત, ગૌતમ સમરૂં જગવિખ્યાત;
ઋદ્ધિવૃદ્ધિ જસુ મહિમા ઘણી, પય સેવે ધરણીનાધણી. ૨

ગૌતમસ્વામી લબ્ધિનિધાન, ગૌતમસ્વામી નવેનિધાન;
સુરગાતરૂમણિ ગૌતમનામ, જેવા નામ તેવા પરિણામ. ૩
ગુબ્બર ગામ જન્મનો ઠામ, ગૌતમતણા કરે ગુણગ્રામ;
સહુઅલાય બાલાપણ લગે ભટ્ટ ચટ્ટ બહુલા ઓલગે. ૪
ગૌતમ ગિરૂઓ ગુણભંડાર, કળા બહોંત્તર પામ્યો પાર;
ચઉદહ વિદ્યા જિણઅભ્યસી, જગતજ્યોતિ જિસિ મનવસી. ૫
વીરજિણ ચઉદહસહુસ શીશ, તેહમાંહિ પહિલો સુજગીશ;
તસુ પય વંદુ નામું શીશ, આશ ફળે મનની નિસદીસ. ૬
ગીતારથ પદવીના ધણી, સૂરીશ્વર જસુ મહિમા ઘણી;
ગૌતમ મંત્ર સદા સમરંત, તતખિણ વિદ્યા સહુ ફુરંત. ૭
તનુ પ્રણમું વચને સંથવું, એક ચિત્ત ચિંતે ચિંતવું;
શ્રી ગૌતમગણધરનો નામ, મહિમા મોટિ ગુણમણિધામ. ૮
ઉઠંતાં બેઠંતાં સહી, પંથ ચાલતાં હિયડે ગ્રહિ;
ગૌતમ ગૌતમ કહેતાં મુખે, સહુય કાર્ય તે સીજે સુખે. ૯
ગૌતમ નામે આરત ટળે, ગૌતમ નામે વંછિત ફળે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે પાવે ભોગ. ૧૦
ગૌતમ નામે નાસે વ્યાધ, ગૌતમ નામે પરમસમાધ;
ગૌતમ નામે દુર્જન દૂર, ગૌતમ નામે હરખ ભરપૂર. ૧૧
ગૌતમ નામે હય ગય વાર, ગૌતમ નામે સુલક્ખણ નાર.
ગૌતમ નામે સુગુણ સુપુત્ર, ગૌતમ નામે સહુયે મિત્ર. ૧૨
ગૌતમ નામે ઉત્સવ હોય ગૌતમ નામે ન પરાભવ કોય;
ગૌતમ નામે મંગલ તૂર, ગૌતમ નામે કૂર કપૂર. ૧૩
ગૌતમ નામે જય સંગ્રામ, ગૌતમ નામે તૂઠે સ્વામ;
ગૌતમ નામે વિનય વિવેક, ગૌતમ નામે લાભ અનેક. ૧૪

ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ;
ગૌતમ નામે ખપે સવિકર્મ, ગૌતમ નામે હોય શિવશર્મ્મ. ૧૫
ઘણું ઘણું હવે કહિયે કિશ્યું, થોડે તુમે જાણુજો ઈશ્યું;
ગૌતમ સમરંતાં જાગિયે, જે બહિયે તે તે માગિયે. ૧૬
કાવ્ય,-ઈત્થં ગૌતમસંસ્તુતિઃ સુવિહિતા ચંદ્રેણ પાર્શ્વાદિના,
ભક્તિ સ્ફીત મુદાલયેન ગણભૃત્પાદાંબુરૂટ્ ચંચુના;
યે તસ્યાઃ સ્મરણં પ્રભાત સમયે કુર્વંતિ ચંગાત્મકા,
સ્તે નિત્યં મનસઃ સમીહિતફલં સદ્યો લભંતેતરાં. ૧૭

અથ સંવેગ બત્રીસી.

દોહરા—જોઈ વિમાસી જીવડા, આ સંસાર સ્વરૂપ;
કૃત્રિમ રંગ પતંગ જિમ, તન યોવન ધન રૂપ. ૧
સ્વારથ લગે સગપણ સહુ, પુત્ર સહોદર માય;
પિતા બેન ઘરણી વહુ, સાથે કોઈ ન થાય. ૨
કર્મ્મવશે તું એકલો, આવ્યો તિમ જાએશ;
ભમિયો પ્રાણી બહુ ભવે, ત્રિભુવન નવ નવે વેશ. ૩
બે તુજ સાથ સખાઈયા, પુણ્ય પાપ સંભાળ;
અવર તે હરિમેખળ સરિસ, જીવ મ પડ જંજાળ. ૪
ઘણ વેલૂ કણ પીલતાં, તેલ કેમ પામેશ;
સ્વર્ગ સફળ તરૂવર તણી, ડાળી કેમ નામેશ. ૫
વાએ કાપડ કોથળો, ચાંપી કેમ ભરેશ;
ભાંગી નાવે અગાધ જળ, કહેને કેમ તરેશ. ૬
જીવનજી મૃગ તૃષ્ણકા, જળ તૃષ કિમ જીપેશ;
ભુખ્યો કિમ મન મોદકે, ધાપી વપુ દીપેશ. ૭

દીઠે સુહણે રાતને, કેણીપેરે બેસીશ રાજ;
જળ વિણ કણ કિમ નીપજે, કેવલ વીજળ ગાજ. ૮
તપ સંજમ પુરવ ભવે, પુરા તપ્યા ન ભૂર;
કહે કિમ મનવાંછિત લહિશ, હવે તું હિયા મ ઝુર. ૯

ચોપાઈ.

રે જીવ ધીરપણો મન આણ, કાયર પણ કીધે બહુ હાણ;
ઇણ કારણ ધીરમ ધુર ધરો, ધોરી જિમ દુત્તર ઉતરો. ૧૦
ધીરમ કાયર જિમ અંતરો, પરતખ દેખમ કર પાંતરો;
ગૃહ મૃગ કુંજર ભોજન જોય, લેતાં એવડો અંતર હોય. ૧૧
ઇસો જાણી ધીરમ મન ધરો, વળિ વૈરાગ ખરો આદરો;
સમર સમર એકચિત અરિહંત, રાગ દોષ ગંજન ગુણવંત. ૧૨

કુડો નેહ કુટુંબહ તણો, ઇણ કીધે સ્વારથ આપણો;
વિણશે ઈહાં નહિ સંદેહ, ઉદાહરણ ચિત ચિંતવે એહ. ૧૩
પચ્છિમ રયણી મોટે સાદ, પભણે ગોરસ નેહ પ્રસાદ;
મથિયેં હિયો સદા માહરો, તિણિ તુમ્હે નેહ દૂર પરિહરો. ૧૪

જ્યાં સ્વારથ ત્યાં જતન કરંત, ભય જોખમ તેહની ટાલંત;
કહે દહિને તિણે વિણું મહી, જાણી અધિક વળિ રેડે દહી. ૧૫
તિલ સરસવ દાણા એરંડ, અળસિ કરડિ પીલણ પ્રચંડ;
યંત્રતણો તે બહુ દુઃખ સહે, નેહ પ્રસાદે કવિયણ કહે. ૧૬
નેહ રહિત તેહનો ખળ નામ, પરઠી ટાળે ગુણનો ઠામ;
ચાચર ચોવટે પડી મજીઠ, પગ ઠેલંતિ લોકે દીઠ. ૧૭
રાગ વસે જિણ બહુ દુઃખ સહ્યાં, અવસાણે એવાં ફળ લહ્યાં;
બાકસ કરીને નાખી દૂર, જન જોવે ઉગમતે સૂર. ૧૮

જિણુ છે લોક ઇસા સ્વારથી, કોઇ કેહુનો વ્હાલો નથી;
નેહ રાગ ઇમ ગણિ ટાળિયેં, સુગુરૂ વચન મન સંભાળિયેં. ૧૯
યાદવ હુવા છપ્પન કુળ કોડ, દ્વારવતિ નગરી ધન કોડ;
રાજા કૃષ્ણ નહીં કઈ ખોડ, સેવ કરે જસુ સુરનર કોડ. ૨૦
ભાઈ બળભદ્ર છે તેહને, હળને મુશળ શસ્ત્ર જેહને;
તેહને પણ આવી આપદા, મ કરો ગર્વ લહી સંપદા. ૨૧
દ્વારવતિ નગરીને દાહ, બે બાંધવ આવ્યા વનમાંહ;
બળભદ્ર ગયો જળ લેવા કાજ, બાણે હણ્યો યાદવકુળ રાજ. ૨૨
નેહેં ન જાણ્યો હરિનો કાળ, ખંધ ઉપાડી કેઈ કાળ;
ઘણો મનાવ્યો રૂઠયો ગણી, વિનવે વળિ વળિ હરિ ગુણ ભણી. ૨૩
સ્વામી ષટ્ ખંડ પૃથ્વીતણો, સગર નામ જસ જગ જસ ઘણો;
સાઠસહસ બેટા જેહને, જુગતે કાલ હુવે તેહને. ૨૪
કઠિન હિયો જો સુર ન કરંત, હિયડો સતધા ફાટ વિજંત;
પુત્ર વિરહે સિજ્જંભવ સૂર, ચૌદ પુરવધર ગુણમણિ ભુર. ૨૫
તાસુ નેત્ર પણ આંસુ ઢળ્યાં, ઉત્તમ નર સુત મોહે કળ્યા;
અવર લોકને કેહવો કિસો, ઉત્તમ પુરૂષે કીધો જિસો. ૨૬
તે હવે આદર કરી સાંભળો, મનનો ટાળી કળિ કળ મળો;
સગરરાય બળદેવ પ્રમુખ, નેહ થકી જાણી બહુ દુઃખ. ૨૭
એ સંસાર અસુખ ભંડાર, ઈહાં અવર નહિં કાંઇ સાર;
એક ધરમ વિણુ તારક કોય, જાણ્યો નહિં આદરિયે સોય. ૨૮
ઇસ્યો જાણી ચારિત્ર આદરી, શુદ્ધ પાળી શિવરમણી વરી;
વરશે ઈમ વળિ કરશે જેહ, નિશ્ચે સુખિયા થાશે તેહ. ૨૯
ઈમ સાંભળ શ્રાવક શિવરાજ, મોહન લહિયે શિવનો રાજ;
કેટલો મન તેહનો પરિવાર, એ અવિ લહ્યાં અનંતી વાર. ૩૦

હવે સાચી સદ્દહણા લહી, એ સરિસ જગ બીજી નહીં;
પરખી લીધો છે એહ ઘણો, તેહનો વારંવાર શું ભણો. ૩૧
અરી સંવેગ ઉદાસી ધરો, અપૂર્વ કરણી કોઇ સંગ્રહો;
આણંદની પેરે પરમાણંદ, પામો જિમ પભણે પાર્શ્વચંદ્ર. ૩૨

સઝાય.

[રંગરસિયા રંગ રસે બન્યો મન૦ એ દેશી.]

કાયા માયા દોનુ કારમી, પરદેશીરે, કબહુ ન અપનિ હોય મિત્ર પરદેશીરે.
ધનુકો ગરવ ન કીજીયે, પ૦ છિનમેં દિખાવે છેહ. મિત્ર પ૦ ૧
જૈસે રંગ પતંગકો, પ૦ છિનમેં ફીકો હોય; મિત્ર પ૦
મણિ માણેક મોતી હીરલા, પ૦ ત્રાણ શરણ નહી કોય. મિત્ર પ૦ ૨
જીસ ઘર હય ગય ઘૂમતે, પ૦ હુતા છત્રીસ રાગ; મિત્ર પ૦
સો ભી ઘર સુના પડ્યા, પ૦ બેસણ લાગ્યા કાગ. મિત્ર પ૦ ૩
મણિ માણેક મોતી પહેરતી, પ૦ રાજા હરચંદ ઘર નાર; મિત્ર પ૦
એક દિન એસા હો ગયા, પ૦ પરઘરકી પનિહાર. મિત્ર પ૦ ૪
હાથે પરવત તોલતે, પ૦ કરતે નરપતિ સેવ; મિત્ર પ૦
સો ભી નર સબ ચલે ગયે, પ૦ તેરી કયા ગિણતી અબેવ. મિત્ર પ૦ ૫
છોડકે મંદિર માલિયા, પ૦ કર લે જીનશું રાગ; મિત્ર પ૦
વો દિનકી કર સોચના, પ૦ લગસી ઈન તન આગ. મિત્ર પ૦ ૬
જુઠા સબ સંસાર હે, પ૦ સુપનાકા સો ખેલ; મિત્ર પ૦
નગકે તાસ સમજકે, પ૦ કર લે પ્રભુશું મેલ. મિત્ર પરદેશીરે. ૭

અવશ્ય જાણવા યોગ્ય પ્રશ્નોત્તરો.

પ્રશ્ન–જૈન કોણ ?

ઉત્તર–રાગ, દ્વેષ અને મોહથી તદન નિરાલા થયલા દેવને જિન કહેવાય છે, અને તેની ઉપાસના કરનાર તે જૈન.

પ્ર.–સામાયિક એટલે શું અને તે કરવાથી શું ફાયદો ?

ઉ.–શત્રુ મિત્ર પર સમભાવરૂપ જે નિજગુણ તેનો લાભ આપનાર તે સામાયિક, અને તેનાથી અશુભ કર્મનો નાશ થાયછે.

પ્ર.–પ્રતિક્રમણ એટલે શું અને તે કરવાથી શું ફાયદો ?

ઉ.–લાગેલા દોષોને ગુરૂ પાસે યાદ કરી દોષોથી પાછા હઠવું તે પ્રતિક્રમણ કહેવાય, અને તેનાથી દુઃખનો નાશ થાય છે.

પ્ર.–પૌષધ એટલે શું અને તે કરવાથી શું ફાયદો ?

ઉ.–આત્માના ગુણ જે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક તેની વૃદ્ધિ–પુષ્ટિ કરે તે પોષધ કહેવાય. અને તેનાથી દુર્ગતિનો નાશ થાય છે.

પ્ર.–ખરો શ્રાવક કોને કહેવાય ?

ઉ.–શુદ્ધ શ્રદ્ધાપૂર્વક શ્રાવકનાં બારવ્રત પાળનાર હોય તે ખરો શ્રાવક.

પ્ર.–શ્રાવકનું મુખ્ય કર્તવ્ય શું ?

ઉ.–શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું પ્રેમપૂર્વક આરાધન.

પ્ર.–સર્વ ધર્મમાં ઉત્તમ ધર્મ કયો ? **ઉ.**–જૈન ધર્મ.

પ્ર. ખરા ત્યાગી કોણ ? **ઉ.**–જૈન મુનિઓ.

પ્ર.–દિગંબર મુનિ કેવા હોય ? **ઉ.**–દિશારૂપ વસ્ત્રને ધારનારા–નગ્ન.

પ્ર.–શ્વેતાંબર મુનિ કેવા હોય ? **ઉ.**–શ્વેત એટલે ધોલા વસ્ત્રને ધરનારા.

પ્ર.–જૈનમાં પ્રમાણ કેટલા અને કયા ? **ઉ.**–બે, પ્રત્યક્ષ તથા પરોક્ષ.

પ્ર.–પખ્ખી પ્રતિક્રમણ કયી તિથીયે કરવું ? **ઉ.**–દરેક ચોદશે.

પ્ર.–ચોમાસી પ્રતિક્રમણ કયી તિથીયે કરવું ? ઉ.–પૂનમે.
પ્ર.–કયા કયા મહિનાની પૂનમ લવી ?
ઉ.–આષાઢી, કાર્તકી અને ફાલ્ગુણી.
પ્ર.–સંવચ્છરી પ્રતિક્રમણ કયી તિથીયે કરવું ?
ઉ.–ભાદરવા સુદિ પંચમીયે.
પ્ર.–શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામી પજ્જુસણ કયારે કરે ?
ઉ.–આષાઢ પૂર્ણિમાથી પચાસમે દિને, એટલે ભાદરવા સુદ પાંચમે.
પ્ર.–શ્રી ગણધર મહારાજાઓ પજ્જુસણ કેવી રીતે કરે ?
ઉ.–જેમ શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામી કરે તેમ રીતે કરે.
પ્ર.–શ્રી ગણધર મહારાજાઓના શિષ્યો પજ્જુસણ કયારે કરે ?
ઉ.–જ્યારે શ્રી ગણધર મહારાજાઓ કરે ત્યારે તેમના શિષ્યો કરે.
પ્ર.–સ્થવિર મહારાજાઓ પજ્જુસણ કેવી રીતે કરે ?
ઉ.–જેમ શ્રી ગણધર મહારાજાઓના શિષ્યો કરે તેમ કરે.
પ્ર.–શ્રુત કેવલીઓ સંવચ્છરી પ્રતિક્રમણ કયી તિથીયે કરે ?
ઉ.–ભાદરવા સુદિ પંચમીયે.
પ્ર.–પૂર્વધર મહારાજાઓ સંવચ્છરી પ્રતિક્રમણ કયી તિથીયે કરે ?
ઉ.–ભાદરવા સુદિ પંચમીયે.
પ્ર.–બહુશ્રુતધર મહારાજાઓ સંવચ્છરી પ્રતિક્રણ કયી તિથીયે કરે ?
ઉ–ભાદરવા સુદિ પંચમીયે.
પ્ર.–શ્રી મહાવીર શાસનવર્તી મુનિઓ સંવચ્છરી કયી તિથીયે કરે?
ઉ.–અવશ્ય કારણ વિના ભાદરવા સુદિ પંચમીયે કરે.
પ્ર.–ધર્મક્રિયા કરવામાં તિથી કયી સ્વીકારવી ? ઉ.–ઉદયી તિથી.
પ્ર.–સંયમની માતા કેટલી ? ઉ.–આઠ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ.

ૐ

॥ અથ શ્રી ॥

દેવસીરાઈ પ્રતિક્રમણ સૂત્ર.

૧ અથ ગુરૂવાંદણા.

ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ ॥ ૧ ॥ અણુજાણહ મે મિઉગ્ગહં ॥ ૨ ॥ નિસીહિ, અહો કાયં કાય સંફાસં, ખમણિજ્જો ભે કિલામો, અપ્પકિલંતાણં, બહુસુભેણ ભે, દિવસો, વઇક્કંતો ॥૩॥ જત્તા ભે ॥૪॥ જવણિજ્જં ચ ભે ॥ ૫ ॥ ખામેમિ, ખમાસમણો, દેવસિયં, વઇક્કમં ॥૬॥ આવસિઆએ, પડિક્કમામિ, ખમાસમણાણં, દેવસિઆએ, આસાયણાએ, તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ, મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોહાએ, સવ્વકાલિઆએ, સવ્વ મિચ્છોવયારાયે, સવ્વધમ્માઇક્કમણાએ, આસાયણાએ,

જો મે અઇઆરો કઓ, તસ્સ ખમાસમણો, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૭॥

૨ અથ ચૈત્યવંદન.

એસ કરેમિ પણામં, જિણવર વસ્સહસ્સ વદ્ધમાણસ્સ,
સેસાણં ચ જિણાણં, સગણહરાણં ચ સવ્વેસિં. ૧
જગમત્થયત્થિયાણં, વિયસિયવરનાણદંસણધરાણં,
નાણુજ્જોયગરાણં, લોગંમિ નમો જિણવરાણં. ૨
તિત્થયરે ભગવંતે, અણુત્તર પરક્કમે અમિયનાણી;
તિન્ને સુગઇગઇગએ, સિદ્ધિપ્પહ દેસએ વંદે. ૩
વંદામિ મહાભાગં, મહામુણિં-મહાયસં મહાવીરં;
અમરનરરાય મહિયં, તિત્થયર મિમસ્સ તિત્થસ્સ. ૪
વયણામએણ ભુવણં, નિવ્વાવંતા ગુણેસુ ઠાવંતા;
જીયલોય મુદ્ધરંતા, અરિહંતા હુંતુ મે સરણં. ૫
ઉજ્ઝિયજરમરણાણં, સમત્તદુખત્તસત્તસરણાણં;
તિહુયણજણસુહિયાણં, અરિહંતાણં ણમો તાણં. ૬

તેહ શ્રી અરિહંતજીને મ્હારો નમસ્કાર હુવો ॥ કેવા તે શ્રી અરિહંત ? જેણે શ્રી અરિહંતે રાગદ્વેષ રૂપિયા, અરિ વૈરી જીત્યા અને અઢાર દોષ રહિત હુવા; તે અઢાર દોષ કયા:—

૩ અથ અન્નાણ કોહ.

અન્નાણ કોહ મય માણ, લોહ માયા રઇઅ અરઇઅ;
નિદ્દા સોગ અલિય વયણ, ચોરિયા મચ્છર ભયાય. ૧
પાણિવહ પેમકીલા, પસંગ હાસાય જસ્સ એ દોસા;
અઠ્ઠારસવિ પણઠ્ઠા, નમામિ દેવાહિદેવં તં. ૨

એહવા દેવાધિદેવ, સુરાસુરવિહિતસેવ, સર્વજ્ઞ, ભગવંત, જગન્નાથ, જગજીવના તારક, કુગતિમાર્ગ નિવારક, નિરીહ, નિરહંકાર, નિસ્સંગ, નિર્મમ, શાંત, દાંત, કરૂણાસમુદ્ર, વિશ્વોપકારસાગર, અનંતગુણના આગર, ચઉસઠ ઇંદ્રના પૂજનીક, વજ્રઋષભનારાચસંઘયણ, સમચતુરસ્રસંસ્થાન, અષ્ટ સહસ્ર વરપુરૂષલક્ષણના ધરણહાર, સમુદ્રનીપરે ગંભીર, મેરૂપર્વતનીપરે ધીર, સંખનીપરે નિરંજન, વાયુનીપરે અપ્રતિબદ્ધ વિહાર, આકાશનીપરે નિરાલંબ, જીવનીપરે અપ્રતિહતગતિ, કૂર્મનીપરે ગુપ્તેંદ્રિય, ખડ્ગી જીવના શૃંગનીપરે એક, ભારંડ પંખિયાનીપરે અપ્રમત્ત, સિંહનીપરે દુર્ધર્ષ, વૃષભનીપરે અઢાર સહસ સીલંગરથધુરંધર, ચંદ્રમાનીપરે સૌમ્યકાંતિ, સૂર્યનીપરે સતેજ, પંખિયાની પરે વિપ્રમુક્ત, કુક્ષિસંબલ, વસુંધરાનીપરે સર્વસહ, અનંતજ્ઞાન, અનંતદર્શન, ચઉત્રિશ અતિશય સંયુક્ત, પંચત્રિશ ભાષાગુણ પરિકલિત, અષ્ટ મહા પ્રાતિહાર્ય વિરાજમાન, પાઃ

પીઠિકા સહિત સિંહાસનાસીન, છત્રત્રય ચામર શોભાયમાન, પૂઠે પાછલ ભામંડલ દીપે, તેજે કરી શ્રી સૂર્યને જીપે, શ્રી અરહિંત ઉપર અશોકવૃક્ષ છાયા કરતો સંઘાતે ચાલે, ધર્મધ્વજ આગલ છતી લહલહે, આકાશગત ધર્મચક્ર જલહલે, દેવદુંદુભિ સ્વામી આગલ વાજે, શ્રી અરિહંતની વાણી મેઘનીપરે ગાજે ॥ યોજનહારિણી વાણી, અમૃતસમાણી સર્વભાષાનુગામિની સકલ લોકના સંશય હરે, ત્રિભુવનજનના મનને કરે ઉચ્છાહ, મુક્તિનગરી પ્રતે સાર્થવાહ; એહવા શ્રી અરિહંત ભગવંત, ગુણવંત દેવાધિદેવ, તેહની ગુણસ્તુતિ ભણું:—

૪ *અથ સિરિસિહેસરની થૂઇ.

(છંદ છપ્પય.)

સિરિસિહેસર ગુણનિધાન, સેવક સુખદાયક;
અજિતે જીત્યા કર્મસબલ, હુવા જગનાયક:
સંભવ ભવના ભય હરેવિ, પામ્યા શિવરાજ,
અભિનંદનજિન મુઝ મિલ્યા, સીધા સવિકાજ;
સુમતિ સુમતિદાયક જિનહ, સુરનર સારે સેવ,
પદ્મપ્રભ જિનદંસણે, જનમમરણ સંખેવ ॥૧॥

* આ પાંચ ગાથાની સ્તુતિ શ્રી સમરચંદ્રસૂરિની કરેલી છે.

શ્રીસુપાસ મુજ પુરી આશ, ભવના દુખ વારી,
ચંદ્રપ્રભુજિનતણીય કાંતિ, દેખત મનોહારી;
સુવિધિ સુવિધિપરે ધર્મ કહ્યો, તિહુયણ જણ સાખી,
શીતલ સંયમસિરિ વરી, ષટ્ જીવસુ રાખી;
શ્રીશ્રેયાંસ પાય પ્રણમિયે, ઇગ્યારમો જિણિંદ,
વાસુપૂજ્ય મન ધ્યાઇયે, કેવલનાણ દિણિંદ ॥૨॥
વિમલ વિમલ ધી કરણ, તરણ ભવસાયર પ્રવહણ,
જિણ અનંતે ભવ અંત કર્યો, જાણે સુરનર જણ;
ધર્મ જિણેસર સોમવયણ, તપ તેજે દિનમણિ,
કૃપાકરણ શ્રીશાંતિનાથ, ત્રસ થાવર અણુદિણિ;
કુંથુનાથ ચક્રી જગદ્ગુરુ, છઠ્ઠો સત્તરમો ધર્મ,
અર જિનવરપય ઓલગે, લભ્ભે શિવપદ શર્મ ॥૩॥
મલ્લિનાથ દુય મલ્લ દુર્જય, અંતરના જીત્યા,
મુનિસુવ્રત વ્રત સુદૃઢ ધરી, લોકાગ્રે પહુતા;
નમિ નામિ રતિપતિયમાન, રિપુ સર્વ ખપાવ્યા,
નેમિ જિણેસર બ્રહ્મ કવચ, પહેરિ ગિરિ આવ્યા;
શ્રી પાર્શ્વનાથ ત્રેવીસમો, ત્રિભુવન સકલ સરૂપ,
શ્રી મહાવીર તીર્થેસરૂ, નમિયે વિવિધ સરૂપ ॥૪॥
ઇણિપરે જિણ ચોવીસ થવ્યા, પુરૂષોત્તમ સીધા,
સેવ કરી એક ચિત્ત જેણે, તે સાથે લીધા;
યદ્યપિ જિણવર રાગરહિત, પણ સેવકને તારે.

દ્વેષ તજ્યો પણ અવર લોગસું, સંગ નિવારે;
તિણકારણ ભગતે ભણિય, વંદુ દેવ ત્રિકાલ,
પ્રભુ તુઠે વંછિત ફલે, જાણે બાલગોપાલ ॥૫॥

૫ ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં.

ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં, જો મે દેવસિઓ, અઇઆરો કઓ, કાઇઓ, વાઇઓ, માણસિઓ, ઉસ્સુત્તો, ઉમ્મગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્જાઓ, દુવિચિંતિઓ, અણાયારો, અણિચ્છિઅવ્વો, અસાવગ પાઉગ્ગો, નાણે તહ દંસણે ચરિત્તાચરિત્તે, સુએ, સામાઇએ, તિન્હં ગુત્તિણં, ચઉન્હં કસાયાણં, પંચન્હં મણુવ્વયાણં, તિન્હં ગુણવ્વયાણં, ચઉન્હં સિખ્ખાવયાણં, બારસવિહસ્સ, સાવગધમ્મસ્સ, જંખંડિયં જંવિરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

૬ અતિચારની આઠ ગાથા.

નાણંમિ દંસણંમિય, ચરણંમિ તવંમિ તહય વિરિયંમિ;
આયરણં આયારો, ઇય એસો પંચહા ભણિઓ. ૧
કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહેવ નિહ્નવણે;
વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો. ૨
નિસ્સંકિય નિક્કંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢ દિઠ્ઠીય;
ઉવવહથિરીકરણે, વચ્છલ પ્પભાવણે અઠ્ઠ. ૩

પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઇહિં તિહિં ગુત્તીહિં;
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો. ૪
બારસ વિહંમિ ય તવે, સબ્ભિંતર બાહિરે કુસલ દિટ્ઠે;
અગિલાઇ અણાજીવી, નાયવ્વો સો તવાયારો. ૫
અણસણમુણોયરિયા, વિત્તી સંખેવણં રસચ્ચાઓ;
કાયકિલેસો સંલીણયાય, બજ્ઝો તવો હોઇ. ૬
પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ;
ઝાણં ઉસ્સગ્ગો વિઅ, અભ્ભિંતરઓ તવો હોઇ. ૭
અણિગૂહિઅ બલવીરિઓ, પરક્કમઇ જો જહુત્તમાઉત્તો,
જુંજઇઅ જહા થામં, નાયવ્વો વીરિઆયારો. ૮

૭ અથ સાત લાખ.

સાતલાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચઉદ લાખ અનંતકાય, બે લાખ બે ઇંદ્રી, બે લાખ તેઇંદ્રી, બે લાખ ચઉરિંદ્રી, ચાર લાખ નારકી, ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ, ચઉદ-લાખ મનુષ્યપંચેંદ્રી, એવંકારે ચોરાશી લાખ જીવાજોનિને વિષે જે કોઇ માહરે જીવે પાપ કર્યું હોય, કરાવ્યું હોય, કરતાં પ્રત્યે ભલું જાણ્યું હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

૮ અથ અઢાર પાપસ્થાનકં.

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દસમે રાગ, અગીયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિઅરતિ, સોલમે પરપરિવાદ, સત્તરમે માયામોસ, અઢારમે મિથ્યાત્વશલ્ય; એ અઢારે પાપસ્થાનકમાંહિ જે કોઇ પાપસ્થાનક મેં સેવ્યું હોય, સેવાવ્યું હોય, સેવતાપ્રત્યે ભલું જાણ્યું હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

૯ અથ ચાર વિકથા.

રાજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા, એ ચાર વિકથામાંહિ જે કોઇ વિકથા કરી હોય, કરાવી હોય, કરતાં પ્રત્યે ભલી જાણી હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

૧૦ અથ સવ્વસ્સવિ.

સવ્વસ્સવિ દેવસિય, દુચ્ચિંતિય, દુભ્ભાસિય દુચ્ચિટ્ઠિય, ઇચ્છાકારેણ સંદિસ્સહ, ઇચ્છં તસ્સ મિચ્છામિ દુક્કડં.

૧૧ અથ ચત્તારિ મંગલં.

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં કેવલિપન્નતો ધમ્મો મંગલં ॥ ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમા ॥ ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહુ સરણં પવજ્જામિ, કેવલિપન્નતં ધમ્મં સરણં પવજ્જામિ.

૧૨ અથ વંદિત્તુ (શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર.)

વંદિત્તુ સવ્વ સિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વસાહૂઅ,
ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગ્ગ ધમ્માઇઆરસ્સ. ૧
જો મે વયાઇઆરો, નાણે તહ દંસણે ચરિત્તેઅ,
સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. ૨
દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે;
કારાવણે અ કરણે, પડિક્કમે દેસિયં સવ્વં. ૩
જં બદ્ધમિંદિએહિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં;
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ૪
આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે;
અભિઓગે અ નિઓગે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૫

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ,
સમ્મત્તસ્સ ઇઆરે, પડિક્કમે દેસિયં સવ્વં. ૬
છક્કાયસમારંભે, પયણેઅ પયાવણે અ જે દોસા;
અત્તટ્ઠાય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. ૭
પંચન્હ મણુવ્વયાણં, ગુણવ્વયાણં ચ તિન્હમઇયારે,
સિખ્ખાણંચ ચઉન્હં, પડિક્કમે દેસિયં સવ્વં. ૮
પઢમે અણુવ્વયંમિ, થૂલગ પાણાઇવાય વિરઇઓ;
આયરિય મપ્પસત્થે, ઇત્થપમાયપ્પસંગેણં. ૯
વહબંધ છવિચ્છેએ, અઇભારે ભત્તપાણવુચ્છેએ,
પઢમ વયસ્સ ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૦
બીએ અણુવ્વયંમિ, પરિથૂલગ અલિઅવયણવિરઇઓ;
આયરિય મપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં. ૧૧
સહસ્સા રહસ્સ દારે, મોસુવએસે અ કુડ લેહે અ;
બીઅ વયસ્સ ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૨
તઇએ અણુવ્વયંમિ, થૂલગ પરદવ્વહરણ વિરઇઓ;
આયરિઅમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં. ૧૩
તનાહડપ્પઓગે, તપ્પડિરૂવે વિરૂદ્ધગમણે અ;
કૂડતુલકૂડમાણે, પડિક્કમે દેસિયં સવ્વં. ૧૪
ચઉત્થે અણુવ્વયંમિ, નિચ્ચં પરદાર ગમણ વિરઇઓ;
આયરિયમપસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં. ૧૫
અપરિગ્ગહિઆ ઇત્તર, અણંગ વીવાહ તિવ્વ અણુરાગે;
ચઉત્થ વયસ્સ ઇઆરે, પડિક્કમે દેસિયં સવ્વં. ૧૬

ઇત્તો અણુવ્વએ પંચમંમિ, આયરિઅ મપ્પસત્થંમિ;
પરિમાણ પરિચ્છેએ, ઇત્થ પમાયપ્પસંગેણં. ૧૭
ધણ ધન્ન ખિત્તવત્થુ, રૂપ્પ સુવન્ને અ કુવિઅ પરિમાણે;
દુપ્પએ ચઉપ્પયંમિ, પડિક્કમે દેસિયં સવ્વં. ૧૮
ગમણસ્સઉ પરિમાણે, દિસાસુ ઉઢ્ઢં અહે અ તિરિઅં ચ;
વુઢ્ઢિ સઇ અંતરદ્ધા, પઢમંમિ ગુણવ્વએ નિંદે. ૧૯
મજ્જંમિ અ મંસંમિ અ, પુપ્ફેઅ ફલે અ ગંધ મલ્લે અ;
ઉવભોગ પરિભોગે, બીઅંમિ ગુણવ્વએ નિંદે. ૨૦
સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલ દુપ્પોલિઅં ચ આહારે;
તુચ્છોસહિ ભખ્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૧
ઇંગાલી વણસાડી, ભાડી ફોડી સુવજ્જએ કમ્મં;
વાણીજ્જં ચેવ દંત, લખ્ખ રસ કેસ વિસ વિસયં. ૨૨
એવં ખુ જંત પિલ્લણ, કમ્મં નિલ્લંછણં ચ દવદાણં;
સર દહ તલાય સોસં, અસઇ પોસં ચ વજ્જિજ્જા. ૨૩
સત્થગ્ગિ મુસલ જંતગ, તણ કઠ્ઠે મંત મૂલ ભેસજ્જે;
દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિયં સવ્વં. ૨૪
ન્હાણુ વટ્ટણ વન્નગ, વિલેવણે સદ્દ રૂવ રસ ગંધે;
વત્થાસણ આભરણે, પડિક્કમે દેસિયં સવ્વં. ૨૫
કંદપ્પે કુક્કુઇએ, મોહરિ અહિગરણ ભોગઅઇરિત્તે;
દંડંમિ અણટ્ઠાએ, તઇયંમિ ગુણવ્વએ નિંદે. ૨૬
તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઇ વિહુણે;
સામાઇઅ વિતહ કએ, પઢમે સિખ્ખાવએ નિંદે. ૨૭

આણુવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલખ્ખેવે;
દેસાવગાસિઅંમિ, બીએ સિખ્ખાવએ નિંદે. ૨૮
સંથારૂચ્ચારવિહી, પમાય તહ ચેવ ભોયણાભોએ;
પોસહ વિહિ વિવરીએ, તઇએ સિખ્ખાવએ નિંદે. ૨૯
સચ્ચિત્તે નિખ્ખિવણે, પિહિણે વવએ સમચ્છરે ચેવ;
કાલાઇક્કમદાણે, ચઉત્થે સિખ્ખાવએ નિંદે. ૩૦
સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા;
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ૩૧
સાહૂસુ સંવિભાગો, ન કઓ તવચરણકરણજુત્તેસુ;
સતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ. ૩૨
ઇહ લોએ પરલોએ, જીવિય મરણે અ આસંસપઓગે;
પંચવિહો અઇઆરો, મા મજ્જં હુજ્જ મરણંતે. ૩૩
કાએણ કાઇઅસ્સ, પડિક્કમે વાઇઅસ્સ વાયાએ;
મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઇઆરસ્સ. ૩૪
વંદણ વય સિખ્ખા ગારવેસુ, સન્ના કસાય દંડેસુ;
ગુત્તીસુ અ સમીઇસુ અ, જો અઇયારો અ તં નિંદે. ૩૫
સમ્મદિઠ્ઠી જીવો, જઇવિ હુ પાવં સમાયરે કિંચિ;
અપ્પોસિ હોઇ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઇ. ૩૬
તંપિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સઉત્તરગુણં ચ;
ખિપ્પં ઉવસામેઇ, વાહિવ્વ સુસિખ્ખિઓ વિજ્જો ૩૭

જહા વિસં કુટ્ઠ ગયં, મંતમૂલવિસારયા;
વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઇ નિવ્વિસં. ૩૮
એવં અટ્ઠવિહં કમ્મં, રાગ દોષ સમજ્જિયં;
આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઇ સુસાવઓ. ૩૯
કયપાવોવિ મણુસ્સો, આલોઇઅ નિંદિય ગુરૂ સગાસે;
હોઈ અઇરેગ લહુઓ, ઓહરિઅભરૂવ્વ ભારવહો. ૪૦
આવસ્સએણ એએણ, સાવઓ જઇવિ બહુરઓ હોઇ;
દુખ્ખાણમંતકિરિઅં, કાહી અચિરેણ કાલેણ. ૪૧
આલોઅણા બહુવિહા, નય સંભરિઆ પડિક્કમણકાલે;
મૂલગુણ ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ. ૪૨

(પછી ઉભા રહીને અથવા જમણો પગ નીચો બેસાડી નીચેની ગાથા બોલે.)

તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ, અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ; વિરઓમિ વિરાહણાએ, તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં.

૧૩ અથ આયરિય ઉવજ્ઝાએ,

આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ;
જે મે કેઇ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ. ૧
સવ્વસ્સ સમણ સંઘસ્સ, ભગવઓ અંજલિં કરિઅ સીસે;
સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ. ૨

સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિય નિયચિત્તો;
સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવસ્સ અહયંપિ. ૩

૧૪ અથ પુખ્ખરવરદી.

પુખ્ખરવરદીવડ્ઢે, ધાયઇસંડે અ જંબુદીવે અ; ભરહેરવયવિદેહે, ધમ્માઇગરે નમંસામિ. ૧ તમતિમિરપડલવિદ્ધંસણુસ્સ, સુરગણનરિંદમહિઅસ્સ; સીમાધરસ્સ વંદે, પફ્ફોડિઅમોહજાલસ્સ. ૨ જાઇજરામરણસોગપણાસણુસ્સ, કલ્લાણપુખ્ખલવિસાલસુહાવહસ્સ; કો દેવદાણવનરિંદગણચિઅસ્સ, ધમ્મસ્સ સારમુવલભ્ભ કરે પમાયં. ૩ સિદ્ધે ભો પયઓ ણમો, જિણમએ નંદી સયા સંજમે; દેવં નાગસુવન્નકિન્નરગણ,–સ્સભ્ભુય ભાવચ્ચિએ; લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં, તેલુક્ક મચ્ચાસુરં, ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ. ૪. સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં.

૧૫ અથ સિદ્ધાણં બુદ્ધાણં.

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરં પરગયાણં;
લોઅગ્ગ મુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં. ૧
જો દેવાણવિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ;
તં દેવ દેવમહિઅં, સિરસા વંદે મહાવીરં. ૨

ઇક્કોવિ નમુક્કારો, જિણવર વસ્સહસ્સ વદ્ધમાણસ્સ;
સંસાર સાગરાઓ, તારેઇ નરંવ નારિં વા. ૩
ઉજ્જિંત સેલ સિહરે, દિક્ખા નાણં નિસિહિઆ જસ્સ,
તં ધમ્મચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ. ૪
ચત્તારિ અટ્ઠ દસ દોઅ વંદિઆ જિણવરા ચઉવ્વીસં,
પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૫

૧૬ નમસ્કાર.

નમો દુર્વારરાગાદિ–વૈરિવારનિવારિણે;
અર્હતે યોગિનાથાય, મહાવીરાય તાયિને. ૧
મંદરગિરિવરધીરઃ, પ્રાપ્તભવાપારનીરનિધિતીરઃ;
નિર્જિતમન્મથવીરઃ, શ્રિયેસ્તુસ શ્રીમહાવીરઃ. ૨
સર્વે જિનાસ્તુલ્યગુણૈર્નમસ્યાઃ
સમત્વભાવેન જગત્પ્રશસ્યાઃ,
તથાપિ વીરં નિકટોપકારં, તીર્થેશ્વરં નૌમિ સદા મુદારં. ૩

૧૭ અથ શ્રી શાંતીનાથજીનું સ્તવન,

અહિપુરમંડન સોલમો, જિનવર કંચન કાંતિરે;
નિરખિયે મૂરતિ સ્વામિની, હિયડલે લાગી છે ખાંતિરે. ૧
શાંતિજિન સાંભલો વિનતી, માહરી પરમદયાલરે,
તુમ્હ વિણુ કોઇ બીજો નહીં, સેવક જન પ્રતિપાલરે. શાં૦ ૨

દુલ્લહો માણુસ ભવ લહ્યો, આરજક્ષેત્ર અવતારરે;
જનમ શ્રાવક કુળે મુજ થયો, સાંભલ્યો ધર્મ આચારરે.શાં.૩
પંચમા કાલને દૂષણે, બહુ મત જિનમત ઠાણુરે;
તિણે ભ્રમે ભૂલો એ પ્રાણિયો,નવિ લહે પ્રવચન વાણુરે.શાં.૪
અવિરતિ દેવદેવી નમે, સુગુરૂ કુગુરૂ સમતોલરે;
ધર્મ સાવદ્ય ભાખે સદા, રજ એ કુગુરૂ કુબોલરે. શાં૦૫
જિનમતી જિનમતી નવિ મિલે, નિંદ એ માંહોમાંહરે;
છંડિ સમતા મમતા ધરે, પાડ એ લોક પ્રવાહરે. શાં૦૬
મોહરાજા પરિવારશ્યું, રાગને દ્વેષ વળિ કામરે;
પૂઠે લાગા ભમે અહનિસે, શુદ્ધ છંડાવ એ ઠામરે. શાં૦૭
વિષય કષાય ને કાહિયા, વંચએ પંચ પ્રમાદરે;
એહતણો ભય તો ટલે, જો તુમે કરો પ્રસાદરે. શાં૦ ૮
હવે તુમ્હ સરણલે આવિઓ, વજ્જપિંજર સમજાણુરે;
આગે પારેવડો રાખિઓ, આપણા પ્રાણને પ્રાણુરે,શાં૦ ૯
હું સદા સેવક તુમતણો, તુમ્હે પ્રભુ જગત સાધારરે;
તુહ્મસમ ત્રિભુવન કો નહીં, જીવને અભયદાતારરે.શાં૦૧૦

કલસ–ઇમ નાગપુરવર ભવિય મનહર શાંતિજિનવર સામિય, બહુ દિવસકેરો હર્ષ પહુતો તુમ્હ દરિસણ પામિય; તુમ શરણ આવ્યો દ્રવ્ય ભાવત સહુઅ વૈરી ભય ટલ્યા, શ્રીપાર્શ્વચંદ્રસૂરિપભણે હર્ષ વિગુણે મન મનોરથ સવી ફલ્યા.

૧૮ અથ વિનયની સજ્ઝાય.

શ્રી ગુરૂ ગૌતમ ગુણ હિયડે ધરી, કહિસું વિનય વિચાર;
સ્વામી સોહમ ગણધર દાખવે, ઉત્તરાધ્યયન મઝાર. ૧
વિનય કરિજેરે ભવિયણ ભાવસું, જેહથી લહિયે નાણ;
અનુક્રમે સમકિત ચારિત્ર ગુણ ગ્રહી, પામો જે નિર્વાણ.વિ૦૨
ગુરૂની પાસેરે રહિયે સર્વદા, વહિએ ગુરૂની સીખ;
કાજ કરીજેરે વંછિત ગુરૂતણું, તો હુવે સફલી દીખ. વિ૦ ૩
કુહિએ કાનેરે જેવી કૂતરી, કાઢે ઘરથીરે લોય;
તિમ અવિનીતને કાઢે ગચ્છથકી, જસ સોભાગ ન હોય.વિ. ૪
સૂઅર છંડીરે કુંડું કણતણું, રાચે વિષ્ટાપૂર;
અવિનય રાચેરે તિમ અવિનીત જે, પરિહરે સંયમ દૂર વિ૦૫
એ સંભારીરે અવિનય ભાવના, વિનય કરે ગુણ જાણ;
તેહને શ્રી ગુરૂ સૂત્ર અરથ કહે, એ જિનવરની વાણ. વિ૦૬
મૂલ વિનયછેરે જિનધર્મતરૂતણું, જ્ઞાનાદિક તસુ ડાલ;
કીરતિ કુસુમ અમરસુખ મુગતીના, ફલ પામે સુવિશાલ.વિ.૭
પરિમલ રૂડીરે સહજે માલતી, શીતલ સુગંધ કપૂર;
તિમ સુવિનીતરે સહજે સુંદરૂ, પામે ગુણ અંકૂર. વિ૦૮
સફલા તરૂવર ફલભારે નમે, મેહ નમે જલભાર;
સાલિભરી જિમ દીસે ઢલકતી, સુપુરૂષ વિનય વિચાર. વિ૦૯
જુવો નરનારીરે જગમાં દેવતા, ગજ વૃષભ અને તુરંગ;
પગપગ દુઃખસહે અવિનીતજે, વિનયે સુખલહે ચંગ. વિ.૧૦

જેય પ્રકાશેરે અવગુણ ગુરૂતણા, છિદ્ર નિહાળે આપ;
શીખ દેયંતારે રીસ જિકો કરે, તેહને બહુલા પાપ. વિ૦૧૧
ગુણ વખાણેરે ગુરૂસ્વામીતણા, ઢાંકે અવગુણ જાણ;
શીખ દેયંતારે પ્રીત જિકો કરે, તે ગુણ પામે પ્રાણ. વિ૦૧૨
ગૌતમ સુનખત સાધુતણીપરે, પામે જગ જસવાદ;
પરભવ સુરસુખ અને મુગતિલહે,જિહાં નહી દુઃખવિવાદ.૧૩
વિનયતણાં ફલ જાણી રૂઅડાં, તે કરજ્યો ગુણવંત;
તસુપય લાગેરે બ્રહ્મો વળિ વળિ, માગે સુખ અનંત.વિ૦૧૪

૧૯ અથ ચઉક્કસાય.

ચઉક્કસાયપડિમલ્લુલ્લૂરણુ, દુજ્જયમયણબાણમૂસૂમૂરણુ;
સરસપિયંગુવન્નગયગામી, જયઉ પાસ ભુવણત્તયસામી. ૧
જસુતણુકંતિકડપ્પસિણિદ્ધો, સોહે ફણિમણિકિરણાલિદ્ધો;
નુન્નવજલહરતડિલ્લયલંછિય,સો જિણપાસ પયચ્છઉવંછિય.

૨૦ અથ ભરહેસર બાહુબલિની સજ્ઝાય.

ભરહેસર બાહુબલી, અભયકુમારો ય ઢંઢણ કુમારો;
સિરિયો અન્નિય પુત્તો, અઇમત્તો નાગદત્તો ય. ૧
મેઅજ્જ થૂલભદ્દો, વયરરિસી નંદિસેણ સિંહગિરી;
કયવન્નો અ સુકોસલ, પુંડરિયો કેસિ કરકંડૂ. ૨
હલ્લ વિહલ્લ સુદંસણ, સાલિ મહાસાલિ સાલિભદ્દો અ;
ભદ્દો દસનભદ્દો, પસન્નચંદો ય જસભદ્દો. ૩

જંબુપહુ વંકચૂલો, ગયસુકુમાલો અવંતિસુકુમાલો;
ધન્નો ઇલાઇપુત્તો, ચિલાઇપુત્તો સુબાહુમુણી. ૪
અજ્જગિરિઅજ્જરક્ખિય,અજ્જસુહત્થીઉદાયગોમણગો;
કાલિયસૂરી સંબો, પજ્જુન્નો મૂલદેવો ય. ૫
પભવો વિન્હુકુમારો, અદ્દકુમારો દઢપ્પહારી ય,
સેયંસ કૂરગડુઓ, સિજ્જંભવ મેહકુમારો ય. ૬
એમાઇ મહાસત્તા, દિંતુ સુહં ગુણ ગણેહિં સંજુત્તા;
જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલિજ્જંતિ. ૭
સુલસા ચંદણબાલા, મણોરમા મયણરેહ દમયંતી;
નમયા સુંદરી સીયા, નંદા ભદ્દા સુભદ્દા ય. ૮
રાયમઇ રિસિદત્તા, પઉમાવઇ અંજણા સિરીદેવિ;
જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઇ, પભાવઇ ચિલ્લણાદેવી. ૯
બંભી સુંદરી રૂપ્પિણિ, રેવઇ કુંતી સિવા ય જયવંતી;
દેવઈ દોવઇ ધારિણિ, કલાવઇ પુપ્ફચૂલા ય. ૧૦
પઉમાવઇ ય ગોરી, ગંધારી લખ્ખમણા સુસીમા ય;
જંબૂવઈ સચ્ચભામા, રૂપ્પિણિ કણ્હટ્ઠમહિસીઓ. ૧૧
જખ્ખા ય જખ્ખદિન્ના, ભૂયા તહ ચેવ ભૂયદિન્ના ય;
સેણા વેણા રેણા, ભયણીઓ થૂલભદ્દસ્સ. ૧૨
ઇચ્ચાઇ મહાસઇઓ, જયંતુ અકલંકસીલકલિયાઓ;
અજ્જવિ વજ્જઇ જાસિં,જસ પડહો તિહુયણે સયલે.૧૩

૨૧ અથ તીર્થમાલા.

શ્રી સકલતીર્થાય નમઃ શ્રી શત્રુંજયાય નમઃ આબુ, અષ્ટાપદ, સમેતશિખરિ, વિપુલગિરિ, વૈભારગિરિ, સ્વર્ણગિરિ, રત્નગિરિ, જાઇં જિણબિંબાઇં તાઇં સવ્વાઇં વંદામિ.

૧ શ્રી ઋષભદેવજી, ૨ શ્રી અજીતનાથજી, ૩ શ્રી સંભવનાથજી, ૪ શ્રી અભિનંદનજી, ૫ શ્રી સુમતિનાથજી, ૬ શ્રી પદ્મપ્રભુજી, ૭ શ્રી સુપાર્શ્વનાથજી, ૮ શ્રી ચંદ્રપ્રભુજી, ૯ શ્રી સુવિધિનાથજી, ૧૦ શ્રી શીતલનાથજી, ૧૧ શ્રી શ્રેયાંસનાથજી, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામીજી, ૧૩ શ્રી વિમલનાથજી, ૧૪ શ્રી અનંતનાથજી, ૧૫ શ્રી ધર્મનાથજી, ૧૬ શ્રી શાંતિનાથજી, ૧૭ શ્રી કુંથુનાથજી, ૧૮ શ્રી અરનાથજી, ૧૯ શ્રી મલ્લિનાથજી, ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામીજી, ૨૧ શ્રી નમિનાથજી, ૨૨ શ્રી નેમનાથજી, ૨૩ શ્રી પાર્શ્વનાથજી, ૨૪ શ્રી મહાવીરસ્વામીજી, એ ચોવીસે જિનને મારો નમસ્કાર હોજ્યો.

(પછી નીચેનો પાઠ કહેવો.)

અનંત ચઉવીસી જિન નમું, સિદ્ધ અનંતિ કોડ;
કેવલજ્ઞાની થવિર સવિ, વંદુ બે કર જોડ. ૧
દો કોડી કેવલ ધરા, વિહરમાણ જિણવીસ;
સહસ જુગલ કોટી નમુ, સાધુસવે નિસદિસ. ૨

પ્રતિમા પનરહ કોડિસય, વલિ બેંતાલીસ કોડ;
લાખ અઠ્ઠાવન તીસ છહ, સહસ અસિ અધિક જોડ. ૩
એ છે પ્રતિમા જિનતણી ઉદ્ધુ અહો તિરિય લોય;
અરિહંત ભાવ જુહારતાં, જિણસરિસો ફલ હોય. ૪
ઋષભ ચંદ્રાનન જાણિયે, વારિષેણ વર્દ્ધમાન;
ચ્યાર નામ એ સાસતાં; પ્રણમું મન ધરિ ધ્યાન. ૫
ઇણે નામે નહુ કો હુવા, ન હુવે ન હુસ્યે કોઇ;
જઇ એહની પ્રતિમા ભણું, તો સાસતી ન હોઇ. ૬
આદિ અંત જેહનો નહિ, તે સાસતી કહાય;
તાસ પટંતર જિણપડિમા, મણુઅલોક ઇહ થાય. ૭
નર નરપતિ જે કારવી, અસાસતી તે જાણ;
જે હુવા જે હુવે જે હુસ્યે, જિણવર ગુણમણિ ખાણ. ૮
અષ્ટાપદ સમેતશિખર, શત્રુંજય ગિરિનાર,
અર્બુદ ગામાગર નગર, જિહ જિહ જિનહ વિહાર. ૯
જિહ મુનિવર અણસણ કરી, મુગતિ ગયા જિણ ઠામ;
સિદ્ધ ખેત્ર તસુ દંસણે, શુભફલ શુભપરિણામ. ૧૦
ભરતેસરનરવઇપમુહ, કરાવી મનભાવ;
તે જિનપ્રતિમા વંદતાં, દૂરે દૂરિત પલાય. ૧૧
મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનો ધર્મોસ્તુ મંગલં. ૧
સર્વારિષ્ટપ્રણાસાય, સર્વાભિષ્ટાર્થદાયિને;
સર્વલબ્ધિનિધાનાય, ગૌતમસ્વામિને નમઃ ૨

અંગુઠે અમૃતવસે, લબ્ધિતણો ભંડાર;
જે ગુરૂગૌતમ સમરિયે, મનવંછિત દાતાર. ૩
ગામતણે પઇસારડે, ગુરૂગૌતમ સમરંત;
ઇચ્છા ભોજન ઘર કુશલ, લચ્છીલીલ કરંત. ૪
પુંડરિક ગૌતમપમુહ, ગણધર ગુણસંપન્ન;
પ્રહ ઉઠી નિત પ્રણમિયે, ચઉદહસય બાવન્ન. ૫
સુરગોતરૂમણિ સંપજે, જેહને લીધે નામ;
એહિજ અક્ષર સમરતાં, સીજે વંછીત કામ. ૬

૨૨ ચૈત્યવંદન.

વિશાલલોચનદલં, પ્રોદ્યદ્દંતાંશુકેશરં;
પ્રાતર્વીરજિનેંદ્રસ્ય, મુખપદ્મં પુનાતુ વઃ ૧
યેષામભિષેકકર્મ કૃત્વા, મત્તાહર્ષભરાત્ સુખં સુરેંદ્રાઃ,
તૃણમપિ ગણયંતિનૈવનાકં,પ્રાતઃસંતુશિવાય તે જિનેંદ્રાઃ ૨
કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં, કુતર્કરાહુગ્રસનં સદોદયં;
અપૂર્વચંદ્રંજિનચંદ્રભાષિતં,દિનાગમેનૌમિબુધૈર્નમસ્કૃતં.૩

૨૩ શ્રી વર્તમાન જિનસ્તુતિ.

સ્વામી વંદુ વિહરમાણ, જિનવર સીમંધર;
સીમનામ મર્યાદ, ધર્મની તાસ ધુરંધર;
યુગમંધર આધાર, ત્રિજગે નમું ભવસિંધુર,
બાહુસુબાહુ જિણિંદ નમું, મહિમા ગુણ સુંદર. ૧

જંબુદિવિ ચત્તારિ જિણ, વિજયવંત વિહરંત;
ક્ષેત્રવિદેહે તમતિમિર, દિનયર જેમ હરંત. ૨
ધાયઇપંડે અઠ્ઠજાણ, સુજાત સ્વયંપ્રભ;
રૂષભાનન જિન અનંતવીર્ય, પ્રણમું સુરપ્રભ,
શ્રી વિશાલ ગુણગણવિશાલ, ટાલે ભવ ફેરા;
વજ્રધર ધર ઉદ્ધરિ, કરે આનંદ ઘણેરા, ૩
ચંદ્રાનન જિન અઠ્ઠમો, દુક્કડુ નીવાર;
અઠ્ઠકમ્મ નિઠ્ઠવિઅ પે-ઠવસ્યે ભવનો પાર. ૪
પુખ્ખરદ્ધિ જિણ ચંદ્રબાહુ, જિનરાજ બિરાજે,
ચતુરિમચંગ ભુજંગ વાણિ, ગુણિ ગણ જિમગાજે,
ઇશ્વર જગદીશ્વર નમેવિ, ગુણ ગાવે સુરનર;
નેમિપ્રભ પ્રભુ વીરસેન, મહાભદ્ર સુહંકર. ૫
નમિયે તે શ્રી દેવયશા, જગ જસ પસરે જાસ;
અજીતવીર્યઅષ્ટમ કરે, દિનદિન જ્ઞાન પ્રકાશ. ૬
મણુયખિત્ત પણયાલ લખ્ખ, જોયણ જાણીજે;
તિહ છે પંચ વિદેહ ગુરૂ, ઓપમ તસુ દીજે;
ઉસપ્પિણી અવ્વસપ્પિણિકાલ, તિહ નહિય નિરંતર;
સ્વામી રિસહજિણિંદ કાલ, સરિસો નહુ અંતર. ૭
સત્તરિસય ઉક્કોસપદે, જઘનપદે જિન વીસ;
વિહરમાણ સંપઇ પયડ, ત્રિજગ નમું નિસદીસ. ૮
ચઉરાસી લખ પુવ્વ આયુ, એ વીસ જિણેસર;

પણસય ધણુ એ પમાણુ દેહ, હાને અલવેસર;
પ્રભુ અતિશય ચૌત્રીશ—સહસ અઠોત્તર લક્ષણ,
વાણી ગુણ પેંતીસભણી, રંજીય વિચક્ષણ. ૯
પાલિરાજ મહવયધરી, પામી કેવલનાણ;
પાર્શ્વચંદ્રસૂરિ નિત પ્રહસમે, પ્રણમે સુખનો ઠાણ. ૧૦

૨૪ શ્રી સમેતશિખરજીનું સ્તવન.

સિખરિ સમેત જુહારયારે, ધન આજ દિહારા;
સંત મનોરથની પરે ઊંચા, દેખત મોહનગારા;
સત્તરમ કુંથુજિણેસર ભેટ્યા, સત્તરઅસંજમ વારારે. ધ૦૧
તે પાસે શ્રીપનરમ જિનવર, ધર્મ ધર્મના દારા;
પંચ સુમતિના દાયક પંચમ, સુમતિ નામ રસારારે. ધ૦૨
સોલકષાયનિવારક સોલમ, શાંતિ શાંતિદાતારા;
સાતે ભયના જીપક સત્તમ, નાથ સુપારસ સારારે. ધ૦૩
તેરમ જિણવર કિરિયાચાયક, વિમલ વિમલમતિકારા;
બંધનદોષનિવારક તારક, અજિતજિનંદઅતિસારારે. ધ૦૪
તિહાંથી ચલત ચલત બહુ તુંગા, તેવીસમ જિનધારા;
પારસ પારસથી અધિકેરા, જીવનકું સુખકારારે. ધ૦૫
પચ્છિમ દિસિમે આઠ શિખરવર, વંદ્યા ઉચ્છવકારા;
તિહાંથી ફરીને યાત્રા કરીને, પૂર્વદિસે ચિત્તધારારે. ધ૦૬
એકવિસે સબલનિવારક, નમિ નામે ચિત્તધારા;
નવદુ કુશીલ નિવારક જિનપતિ, અરજગજીવ ઉધારારે.ધ૦૭

ઓગણીસમ મલ્લિપ્રભુ ભેટ્યા, ત્રિભુવનરૂપ ઉદારા;
એકાદશ પ્રતિમાના પ્રરૂપક, શ્રી શ્રેયાંસ નિહારારે. ધ૦૮
નવવિધ બ્રહ્મગુપ્તિના પાલક, સુવિધિ દેવ દયારા;
છ લેસ્યાને છાંડી અલેસી, પદ્મપ્રભુ નિરહંકારા રે. ધ૦૯
મુનિસુવ્રત વિશમ જિન છેદી, અસમાધિ જંજીરા;
ત્યાંથી નીચા અતિ બહુ ઉંચા, અષ્ટમટુંક સંભારારે.ધ૦૧૦
મદ જીપીને ચરણ ધરીને, કરમ કર્યા સબ દૂરા;
ચંદ્રપ્રભુ જિનવર ત્યાં સિદ્ધા, અક્ષયસુખલહ્યા પૂરારે. ધ૦૧૧
ચૌદહ જીવરાસના પાલક, અનંતનાથ જિન સૂરા;
શ્રમણધરમદસવિધના ધારક, સીતલસહજ સનૂરારે. ધ૦૧૨
દંડગુપ્તિ ત્રિય વારી પારી, સંભવ ભવકું નિવારા;
મેવાડંબર ચિહુંગત છેદક, અભિનંદન લહ્યા પારારે,ધ૦૧૩
વીસ જિણેસર વીસે ટૂંકે, કર્મ કર્યા સહુ ચૂરા;
એ જિનચરણ જે ભાવે વંદે, સુખ લહે તે જગ ભૂરારે.ધ૦૧૪
વરસ અઢાર તેણવે પોસે, ઉજ્જલ સાતમ ઝારા;
તલહટિમંદિર તે સવીવંધા, હર્ષચંદ્ર સૂરિ સારારે. ધ૦૧૫

દેવસિય પ્રતિક્રમણની વિધિ.

પ્રથમ વિધિ સહિત સામાયિક લઇ—સામાયિક દંડક ઉચ્ચરી, ચઉવિહાર ઉપવાસ કરનાર સિવાય બાકીનાએ બે વાંદણા દેવા. બીજા વાંદણામાં **આવસ્સિઆએ** પદ ન ભણવું અને બાકીનો પાઠ બેઠાં બેઠાં ગુરૂના ચરણમાં રહ્યા છતાં પુરો કરવો, પછી આવસ્સહિ ભણી અવગ્રહ બહાર નીકળી નીચે પ્રમાણે કહેવું:—**ઇચ્છકારિ ભગવન્ પસાય કરી પચ્ચખાણ કરાવોજી.** એમ કહી યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું. પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? એવો આદેશ માંગી ઇચ્છં કહી (ડાબો ઢીંચણ ભૂમિથકી ઉંચો ને જમણો ઢીંચણ ભૂમિએ લગાડી બે હાથ જોડી, મુહપત્તિ મુખે દઇ) વડીલે બેસકરેમિનું ચૈત્યવંદન કરવું. પછી ઉભા થઇ સિરિસિહેસરની થુઇ ભણવી. પછી જંકિંચિ કહી (ચૈત્યવંદન કરવાના આસને બેસી) નમુત્થુણંનો પાઠ કહેવો. પછી ખમાસણ દઇ **"ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ આચાર્ય વાંદુજી"** બીજે ખમાસણે ઇચ્છા૦ **ઉપાધ્યાય વાંદુજી.** ત્રીજે ખમાસણે **ઇચ્છા૦ સર્વ સાધુજીને મારી ત્રિકાલ વંદણા હોજોજી.** પછી ઇચ્છકાર ભગવન્ સુહદેવસી સુખ૦ એ સૂત્રથી ગુરૂને શાતાપૂછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ **દેવસિય પડિક્કમણં ઠાએમિ**? ગુરૂ કહે ઠાએહ શિષ્ય કહે ઇચ્છં **ભગવન્ તહત્તિ.** પછી ઉભા થઇ બે હાથ જોડી નવકાર, કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં,

તસ્સ ઉત્તરિ, અન્નત્થ. કહી અતિચારની આઠ ગાથા અથવા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી નમો અરિહંતાણું પૂર્વક કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહું ? એમ કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં દઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ દેવસિયં આલોઉં ? એવો આદેશ માંગી ઇચ્છં આલોએમિ કહી જોમે દેવસિઓ, સાતલાખ, અઢાર પાપસ્થાનક, ચાર વિકથા કહિ સવ્વસ્સવિનો પાઠ કહી (વિષમાસને બેસી) નવકાર, કરેમિભંતે, ચત્તારિ મંગલં કહી ઇચ્છામિ પડિક્કમિઉં જોમે દેવસિઓ૦ ઇચ્છામિ પડિક્કમિઉં ઇરિયાવહીયાએ ઇત્યાદિક પાઠ કહી.

અઢાર લાખ ચોવીસ હજાર એકસોને વીશ ઇરિયાવહિને વિષે જે કોઇ દૂષણ લાગ્યું હોય તે સવિ મિચ્છામિ દુક્કડં.

એમ કહી વંદિત્તુસૂત્ર ભણી બે વાંદણા દઇ ગુરૂને અભુટ્ઠિઓ ખામી "આવસ્સહિ" કહી અવગ્રહ બહાર નીકળી આયરિય ઉવજ્ઝાએ, નવકાર, કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં, તસ્સઉત્તરિ, અન્નત્થ કહી ચારિત્રાચાર વિશુદ્ધિ માટે બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ, સવ્વલોએ અરિહંતચેઇઆણં, અન્નત્થ કહી દર્શનાચાર વિશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારી પુખ્ખરવરદી–સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિયાએ૦ અન્નત્થ કહી જ્ઞાનાચાર વિશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારી સિદ્ધાણં બુદ્ધાણં કહી

મુહપત્તિ પડિલેહી બે વાંદણા દઇ "**સામાયિક, ચઉવિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગો પચ્ચક્ખાણું**" કર્યું છે. પછી 'આવસ્સહિ' કહી અવગ્રહ બહાર નીકળી ચૈત્યવંદન કરવાના આસને બેસી **ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં** એ પાઠ ભણી નમો હુર્વાર રાગાદિ૦ એ રીતે નમસ્કાર કરી નમુત્થુણં કહી પહેલે ખમાસમણે સ્તવનં સંદિસ્સાએમિ અને બીજે ખમાસમણે સ્તવનં ભણેમિ કહી એક નવકાર ભણી શાંતિનાથજીનું અહિપુરમંડણ સોલમો—એ સ્તવન કહેવું. પછી મસ્તકે બે હાથ જોડી જયવીયરાય કહી ત્રણ ખમાસમણ પૂર્વક અનુક્રમે આચાર્ય ઉપાધ્યાય અને સર્વ સાધુજીને વાંદી—ચોથે ખમાસમણે ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ **દેવસિય-પ્રાયશ્ચિત્ત-વિશોધનાર્થં કાઉસ્સગ્ગં કરેમિ** એવો આદેશ માંગી ઇચ્છં, "દેવસિય—પ્રાયશ્ચિત—વિશોધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ" ભણી અન્નત્થ કહી ચાર લોગસ્સ અથવા સોલ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી પહેલે ખમાસમણે બેસણે સંદિસ્સાએમિ, બીજે ખમાસમણે બેસણે ઠાએમિ, ત્રીજે ખમાસમણે સજ્ઝાયં સંદિસ્સાએમિ અને ચોથે ખમાસમણે સજ્ઝાયં ભણેમિ એમ કહી નવકાર ગણી બેડાં વિનયની સજઝાય—શ્રીગુરૂગૌતમગુણ હીયડે ધરી—એ કહી ખમાસમણ દઈ ઇચ્છકાર ભગવન્ **દુઃખક્ખયકમ્મક્ખયકર્મનિર્જરાનિમિત્તં કાઉસ્સગ્ગં કરેમિ** એવો આદેશમાંગી ઇચ્છં "દુઃખક્ખયકમ્મક્ખયકર્મ નિર્જરા નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં" ભણી અન્નત્થ કહી ચાર

લોગસ્સ પૂરા અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી—**સામાયિક, ચઉવિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગો પચ્ચખાણું એ ષડાવશ્યકને વિષે જે કાંઇ જાણતાં અજાણતાં દૂષણ લાગ્યાં હોય તે સવિ હું મનવચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.** પછી નીચેની વિધિ પ્રમાણે સામાયિક પારવું:ખમાસમણુ દઇ ઇચ્છાકારેણ૦ સામાયિક પારવા ઇરિયાવહિયં પડિક્કમુ ? એવો આદેશ માંગી ઇચ્છં કહી ઇરિયાવહિ, તસ્સ ઉત્તરિ, અન્નત્થ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણુ પૂર્વક ઇચ્છા૦ ચૈત્યવંદન કરૂં એવો આદેશ માંગી ઇચ્છં કહી ચઉક્કસાય, નમુત્થુણં, જાવંતિ, જાવંત કેવિ સાહૂ કહી અનંતસિદ્ધને મારો નમસ્કાર હોજો એમ કહી બે ખમાસમણુ પૂર્વક સ્તવનં સંદિસ્સાએમિ અને સ્તવનં ભણેમિ કહી નવકાર, ઉવસગ્ગહરં, જયવીયરાય કહી ખમાસમણું પૂર્વક “ સામાયિક પારવા મુહપત્તિ પડિલેહું ? ” એમ કહી મુહપત્તિ પડિલેહી ખમાસમણુ દઇ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ “ સામાયિક પારૂં ? ” ગુરૂ કહે “ પુણોવિ-કાયવ્વં, ” શ્રાવક કહે “ યથાશક્તિ ” બીજે ખમાસણે ઇ-ચ્છાકારેણ૦ “ સામાયિક પુરૂં ? ” ગુરૂ કહે “ આયારો ન મુત્તવો. ” શ્રાવક કહે “તહત્તિ.” પછી જમણો હાથ ચરવલા અથવા કટાસણા ઉપર સ્થાપી નવકાર ગણી સામાઇય વયજુત્તો કહેવો—**સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાર્યું** વિગેરે પાઠ પૂરો કરી ત્રણ નવકાર ગણવા.

અથ રાઇ પ્રતિક્રણમની વિધિ.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમી સામાયિક લેવું. પછી ઊભા થઈ ખમાસમણ દઈ કહેવું. ઇચ્છા કારેણ, સંદિસહ ભગવન્ "કુસુમિણ દુસુમિણ રાઇ–પ્રાયશ્ચિત–વિશોધનાર્થં કાઉસગ્ગ કરૂં ?" ગુરૂ કહે "કરેહ," ઇચ્છં.'કરેમિ કાઉસગ્ગં." અન્નત્થ૦ કહી ચાર લોગસ્સ અથવા સોલ નવકારનો કાઉસગ્ગ કરી, પારી પ્રગટ લોગ્ગસ કહી, ખમાસમણ દઈ કહેવું. "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં." ઇચ્છં કહી.જગચિંતામણી૦ જંકિંચિ૦ નમોત્થુણં૦ જાવંતિચેઇઆઇં કહી; બે ખમાસમણ પૂર્વક "સ્તવનં સંદિસાએમિ, સ્તવનં ભણેમિ" પછી નવકાર; ઉવસગ્ગહરં, જયવીયરાય૦ કહેવું ત્યાર કેડે ખમાસમણ દેઈ"ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાએમિ" બીજે ખમાસમણે "બેસણે ઠાએમિ." ત્રીજે ખમાસમણે "સજ્ઝાયં સંદિસાએમિ,અને ચોથે ખમાસમણે "સજ્ઝાયં ભણેમિ" પછી નવકાર એક ગણી ભરહેસર બાહુબલિની સજ્ઝાય કહેવી, પછી એક ખમાસમણ દેઇ આચાર્ય૦ એક ખમાસમણ દેઈ ઉપાધ્યાય૦ એક ખમાસમણ દેઇ સર્વ સાધુ વાંદી, ઇચ્છાકારસુ૦ કહી પછી ખમાસમણ દઈ કહેવું "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઇપડિક્કમણં ઠાએમિ" (ગુરૂ કહે ઠાએહ) પછી નમોઅરિહંતાણં૦ કરેમિભંતે૦ ઇચ્છામિઠામિ કાઉસગ્ગં૦ તસ્સુત્તરી૦ અન્નથ૦ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી, પછી, "સવ્વલોએ અરિહંત ચેઇઆણં૦" દર્શનાચાર વિશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પારી "પુક્ખરવરદીવડ્ઢે" કહી,"સુઅસ્સ

ભગવઓ૦"વંદણુવ૦અન્નત્થ૦કહીને કાઉસગ્ગ કરવો,તેમાં અતિચારની આઠ ગાથા ચિંતવવી, અથવા આઠ નવકારનો કાઉસગ્ગ કરી પારી "સિદ્ધાણંબુદ્ધાણં૦કહી મુહપત્તિ પડિલેહીએ વાંદણાં દેવા.(વાંદણાંના પાઠમાં જ્યાં"દિવસો વઇક્કંતો"એવો પાઠછે ત્યાં **રાઇવઇક્કંતા** " એમ કહેવું, "દેવસિઅં" ના ઠેકાણે " **રાઇઅં** "ને " દેવસિઆએ " ને ઠેકાણે " **રાઇઆએ** " એમ કહેવું. પછી "આવસ્સઇ" ભણી અવગ્રહ બાહેર નીકલી કહેવું ઇચ્છાકારેણ સ દિસહ ભગવન્ રાઇઅં આલોએમિ.ઇચ્છં૦ જોમે રાઈઓ અઇઆરો કઓ૦ સાતલાખ, અઢાર પાપસ્થાનક૦ ચાર વિકથા આલોવી૦ વિપમાસને બેસી નમોઅરિહંતાણં૦ કરેમિભંતે૦ ચત્તારિ મંગલં૦ કહી ઇચ્છામિ પડિક્કમિઉ જોમે રાઇયો અઇઆરો૦ કહી, ઇરિયાવહી પડિક્કમી૦ અઢાર લાખ ચોવીસ હજાર૦ કહી."વંદિત્તુ" કહેવું,વંદિત્તા સૂત્રમાં "**પડિક્કમે દેસિઅં સવ્વં**"એ ઠકાણે"**પડિક્કમે રાઇઅં સવ્વં**" એમ બોલવું.) પછી વાંદણાં દઈ "ઇચ્છાકારેણ સ દિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઇયં ખામેઉં ? ઇચ્છં ખામેમિ એ રીતે ખામણા કરી આવસ્સહિ ભણી અવગ્રહ બાહેર નીકલી " આયરિય ઉવજ્ઝાએ " કહી " નવકાર, કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં૦ તસ્સુત્તરિકરણેણં૦ અન્નત્થ ઉસસિએણં૦ કહી કાઉસગ્ગ કરવો એ કાઉસગ્ગમાં " છમાસી તપ ચિંતવણા " કરવી. તે ન આવડે તો ચાર લોગસ્સ અથવા સોલ નવકાર ગણવા પછે આંબિલ, નીવી, એકાસણું,બિઆસણું, પુરિમઢ, સાઢ પોરસિ, નવકારસી,જે પચ્ચખ્ખાણ કરવા વાંછે ત્યાં લગી ચિંતવી કાઉસગ્ગ પારે પછે લોગસ્સ કહી

મુહપત્તિ પડિલેહી,બેવાંદણા દેઇ ઉભા થઇ તીર્થમાલા કહી.પચ-ખ્ખાણ કરવું (સામાયક,ચોવિસથ્થો,વાંદણા,પડિક્કમણું,કાઉસ્સ-ગ્ગ, પચ્ચખાણ,સંભાલવા,પછી બેસી "ઇચ્છામોણુસઠ્ઠિં નમો ખમાસમણાણું"કહીને વિશાલલોચનદલનું ચૈત્યવંદન કહી ઉભા થઇ. સ્વામીવંદુ વિહરમાનની સ્તુતિ કહી જંકિંચિ૰ નમો-થ્થુણં૰કહી ખમાસમમણુ દેઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સ્તવનં સંદિસાએમિ" બીજે ખમાસમણે "સ્તવનં ભણેમિ," નવકાર ભણી સમેતશિખરજીનું શિખરિ સમેત જુહાર્યારે એ સ્તવન કહેવું. પછી જયવીયરાય કહી ખમાસમણ દઇ શ્રી આચાર્ય૰ બીજે ઉપાધ્યાય૰ અને ત્રીજે સર્વ સાધુ વાંદીએ, પછી શ્રાવક સામાયક પારે.

અથ પચ્ચખ્ખાણ.

અથ નવકારસિનું પચ્ચખ્ખાણ.—

ઉગ્ગએસૂરે નમુક્કારસહિયં પચ્ચખ્ખાઇ ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણં સહસ્સાગારેણં વોસિરે ॥૧॥

અથ સાંજે ચઉવિહારનું પચ્ચખ્ખાણ.—

દિવસચરિમં પચ્ચખ્ખાઇ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૬	૬	નિવહોછોજી	નિર્વહોછોજી
૧૧	૪	સપટા	સંપઇ
૧૩	૨૦	સંપજઓ	સંપજ્જિ
૧૫	૧	જંકિચિ	જંકિંચિ
૨૨	૧૮	ચેય	ધ્યેય.
૨૭	૨૨	કુગતિ	કુમતિ
૨૭	૨૨	ચગણારવિં	ચરણારવિંદે
૩૨	૧૮	ઘરમં	ઘરમે
૩	૧૯	તીથ કર	તીર્થકર
૩૮	૧૧	ચિતે	ચિત્તે
૩૪	૧૨	મોટિ	મોટા

માત્ર ઉપયોગ કરનારજ આ પુસ્તક ગ્રહણ કરે તેવા હેતુથી ફક્ત એકજ આનો જ્ઞાન ખાતે લેવામાં આવેછે.

शार्दूलविक्रीडित.

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી રાજેમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા સીતા સુભદ્રા શિવા ॥
કુન્તી શીલવતી નલસ્યદયિતા ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી દિનમુખે કુર્વન્તુ વો મંગલમ્ ॥૨॥

શાન્તિવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં ઇશ્વરલાલ કેશવલાલ વકીલ અને
માણેકલાલ માધવલાલે છાપી. ઠે. ઢીકવા ચોકી—અમદાવાદ.